

# ગુણાતીત જ્યોત

પ્રત્યક્ષ દેહ સ્વરૂપમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.




વર્ષ ૫૫, અંક : ૯, તા.૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૫, સંવત – ૨૦૮૧ ભાદરવા વદ – ૩૦, રવિવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦



સ્વામીશ્રીજી નૂતન વર્ષ ૨૦૫૨

ગુણાતીત સમાજના સર્વ અક્ષરમુક્તોને દીપોત્સવી અને નૂતન વર્ષના સાલ મુબારક અને પ્રાર્થના કે પ્રભુ તમને સહકુટુંબ તન-મન-ધન અને આત્માના સુખે સદાય સુખી રાખે ને કોઈ દેશકાળ લાગે નહીં.

આપના સૌના પપ્પાના જય સ્વામિનારાયણ

**Swami Sreeeji** **New Year 2052**

**Wishing all the God loving aspirants of Gunatit Samaj greetings and salutations of Diwali and the New Year and with the entreaty to the Almighty that may you and your family be granted with good health, wealth and mental serenity of the soul and eternal happiness devoid of any dilemmas of moral predicament.**

**Jai Swaminarayan from**
**Pappa.**



૧

સ્વામીશ્રીજી
નૂતનવર્ષ. વિ.સં.૨૦૮૨ તા. ૨૨.૧૦.૨૦૨૫
કારતક સુદ પડવો બુધવાર

નૂતનવર્ષના મંગલપ્રભાતે સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન ને ગુરુહરી પપ્પાજીમહારાજને અખિલ ગુણાતીતસમાજના મુક્તોને મહાત્મ્યભાવ નીતરતા જયસ્વામિનારાયણ

પ્રભુ અમે તમારૂ સ્નેહલ, પ્રેમલ, આત્મિક રખોપાનું સુખ નિત્ય લઈએ છીએ, હવે આંતરીક યાચના આ નૂતનવર્ષે આપના શ્રીચરણોમાં ધરીએ છીએ કે આપની પ્રસન્નતા સિવાય કોઈ વૃત્તિ-પ્રવૃતિ કરી જ ન શકીએ એવા આશિષ આપજો. આપ નિરંતર પ્રત્યક્ષ જ છો એવું મહાત્મ્યભર્યું જીવન જીવીએ, ભક્તિ કરીએ એવી કૃપા કરશોજી.

એજ સમસ્ત ગુણાતીત સમાજવતી
હંસાદીદીના જયસ્વામિનારાયણ
નૂતન વર્ષાભિનંદન

## તા.૨૪.૮.૨૦૨૫ : પ.પૂ.દીદીના ૯૦મા પ્રાગટ્યદિનની સભા...








## તા.૨૭.૮.૨૦૨૫ – પ.પૂ.દેવીબેનના સ્વરૂપાનુભૂતિદિનની સભામાં તેમના ૯૦મા પ્રાગટ્ય પર્વ : 'બ્રહ્માનંદી તેજ પર્વ'ના પ્રારંભનો ઉદ્‌ઘોષ...





























# તા.૧૦.૮.૨૦૨૫ : પ.પૂ.દિલીપભાઈ(યુ.કે.)ના 'ભક્તિ ઉત્સવ'ની ઉજવણી...






















# ગુણાતીત જ્યોત

જાણપણારૂપ દરવાજામાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.





સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજીમહારાજ પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી

## સ્વાધ્યાય સંદેશ

**પંચામૃત : 3** આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિ સૌમાં, સૌ પળે, સર્વ પ્રસંગે રાખવી. – ગુરુહરિ પપ્પાજીમહારાજ



### શ્રીજી રસામૃત

'... એક તો ભગવાન ને બીજા ભગવાનના ભક્ત ને ત્રીજા બ્રાહ્મણ ને ચોથો કોઈક ગરીબ મનુષ્ય એ ચારથી તો અમે અતિશય બીયે છીએ જે, રખે એમનો દ્રોહ થઈ જાય નહીં. આ ચારમાંથી એકનો જો દ્રોહ કરે તો તેનો જીવ પણ નાશ પામી જાય છે.'

(વચ. વડતાલ ૧૧)



### શ્રી અક્ષર બ્રહ્મરસ

... આ સાધુ છે તે ભગવાનનું ધામ છે, તેને દેહ છતે જ પામ્યા છીએ ને કોઈના વાંકમાં ન આવીએ માટે શિક્ષાપત્રી પાળવી, એટલા વાસ્તે જ મહારાજે કરી છે.

(સ્વામીની વાતુ પ્રક.૪ની ૫૯મી વાત)



### દિવ્યામૃત

ગુણાતીતના સુહૃદ બનવા માટે આપણી જ રીત સાચી ને સારી તેમ આગ્રહપૂર્વક ન માનતાં બીજાની રીત સમજવા દિલથી પ્રયત્ન કરીએ તો આપણે સ્વરહિત થઈ જઈએ ને ગુણાતીતના સુહૃદ પણ બની જઈએ.

(તા.૧૯.૮.૧૯૮૭)

### અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| સ્વાધ્યાય સંદેશ... | ૭ | પ.પૂ.મમ્મીજીના પ્રાગટ્યદિને... | ૧૦ |
| ગુરુહરિ પપ્પાજીમહારાજની પરાવાણી... | ૮ | દીપાવલીનો દિવ્ય આનંદ... | ૧૧ |
| શ્રી ગુણાતીતાનંદસ્વામીજીના પ્રાગટ્યદિને... | ૯ | સત્સંગ સમાચાર... | ૧૪ થી... |



# પપ્પાજીની પરાવાણી...

શાંતિ મેળવવાનો એક જ ઉપાય છે. ભગવાનની ઉપાસના. પ્રત્યક્ષ ભગવાન હોય કે પરોક્ષ ભગવાન. પણ ઉપાસના કરીએ તો મનમાં, ચિત્તમાં શાંતિ થશે. સત્સંગ કરીએ તો અંદરની વૃત્તિઓ નિર્મૂળ થાય, શાંતિ વર્તાય. અક્ષરધામનું સુખ વર્તાય. ખરેખર આપણે ખાટી ગયા.

આપણને એવા પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપોમાં જોગી મહારાજે જોડી દીધા. જોગીમહારાજનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. એમણે એકપક્ષી શ્રમ કરીને આપણને જ્યાં જ્યાં જરૂરિયાત હતી ત્યાં જોડી દીધાં. ઢગલાબંધ વીજળી જેવા સંતો બનાવી દીધા. બા, બેન, જ્યોતિબેન, તારાબેન, હંસાબેન, દેવીબેન, જસુબેન, પદુબેન જેવા સ્વરૂપોનો યોગ આપી દીધો. તો ગૃહસ્થો પણ એવા કેટલાંય પાકી ગયા. જે ચૈતન્યમાધ્યમો મંડળો ચલાવે છે. બધાને શાંતિ આપે છે. વર્તન વાતુ કરે એવું તેઓનું જીવન છે.

આજે આપણે સંકલ્પ કરીએ કે, આત્માનો આનંદ તો બ્રહ્માનંદ છે. આપણે સાકારબ્રહ્મનું સ્વરૂપ એવા સદ્‌ગુરુઓમાં જોડાયેલા છીએ. તેમની આજ્ઞામાં રહીએ. તેમનું ચિંતવન કરીએ. એમનામાં બ્રહ્મની શક્તિ કામ કરી રહી છે. એ બ્રહ્મનિયંત્રિત વર્તે છે. એમની પાસે બે હાથ જોડીને તે જેમ કહે તેમ કરી લઈએ. તેમની પાસે મહિમાથી, પ્રીતિથી, દાસત્વથી, પ્રપત્તિથી ગમે તે રીતે મૂકી દેવાનું રાખીએ.

અક્ષરધામની સમાધિમાંથી બહાર નીકળ્યા તો પાંચ મિનિટમાં પાછા આવી જ જઈએ. બધા જ મોટેરાં સ્વરૂપોએ પોતાનું તંત્ર નિષ્કામ બનાવી દીધું છે. ઈન્દ્રિયો, અંત:કરણ જીતી લીધા છે. એટલે તેમનું ચિંતવન કરીએ તો જગત ખરી જાય. જેમ હું જોગીને લઈ મંડ્યો'તો એમાં શાસ્ત્રીજીમહારાજ, મહારાજ ને ગુણાતીત બધાય આવી ગયા. એમ તમે તમારા ગુરુને માનજો. એ જે વચન આપે એ વચન લઈને મંડો. વચન પાળવાનું ધ્યાન રાખીએ.

આપણે બધા અક્ષરધામના અક્ષરમુક્તો છીએ. આપણે ભગવાનના ધામમાં બેઠા છીએ. ઘેર બેઠા ગંગા આવી છે તો એને વહી જવા ના દઈએ. ચાંગળું પાણી પી લઈએ. એમની સ્મૃતિથી વેરઝેર ભેદદ્રષ્ટિની વૃત્તિ હશે તે નીકળી જશે.

શ્રીજીમહારાજે વિરોધ કરનારનો કદીય સામનો કર્યો નથી. પોતે પોતાની સર્વોપરી શક્તિથી જે કાર્ય કરવાનું તે કર્યા જ કર્યું. વઢવેડ ના કરી. તો શાસ્ત્રીજીમહારાજે પણ વિરોધ કરનારનું ક્યારેય નામ ઉચ્ચાર્યું નથી. બસ સૌનું ભલું થાવ એ જ ઈચ્છયું. બધાય સુખી થાવ. આપણે આપણા ભગવાનને સંભારીશું તો આપણું બધું જ સારું જ થશે. કાળ, કર્મ, માયા પણ આડા નહીં આવે. આપણે ભગવાનથી ભર્યા રહીએ. ભગવાનની સત્તા સામર્થી સ્વીકારતા થઈ જઈએ તો આપણું તંત્ર પણ નિષ્કામ બની જશે, ઈન્દ્રિયો અંત:કરણ જીતાઈ જશે તો એવું જીવવાનું સૌને બળ આપજો એ જ અંતરની પ્રાર્થના ને આશીર્વાદ. (તા.૧.૯.૧૯૮૫)



## શરદપૂનમ : શ્રી ગુણાતીતાનંદસ્વામીજીના પ્રાગટ્યદિને...

શ્રી ગુણાતીતાનંદસ્વામીજીએ શરદપૂનમના મંગલદિને આ ધરાને પાવન કરી. તેમના પ્રાગટ્યનો હેતુ હતો કે, જે જે સંબંધમાં આવે તેને શ્રીહરિનું સ્વરૂપ ઓળખાવી પૂર્ણ નિષ્ઠા કરાવવાનો... આપણા અક્ષરપુરુષોત્તમ સત્સંગમાં જે પાયાની ઉપાસના અક્ષરરૂપ થઈને પરબ્રહ્મની સેવા કરવી, શ્રીજીમહારાજને જાણવા, માણવા ને ધારવા. તે ગુણાતીત સ્વરૂપની આજ્ઞામાં રહીને પ્રસન્નતા પ્રાપ્ત કરીએ તો મહારાજને ધારી શકાય ને અક્ષરધામરૂપ બનાય.

જૂનાગઢમાં કથાવાર્તાનો અખંડ પ્રવાહ વહાવીને સ્વામીશ્રીએ અનેકના જીવ ને આત્મા નોખા કરી સુખિયા કર્યા છે. જે અંદર રહેલું મૂળ અજ્ઞાન નાશ કરી, આત્મા-પરમાત્માના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન આપી, ચૈતન્યોની શુદ્ધિ માટે ખૂબ પુરુષાર્થ કર્યો છે. નાના-મોટા, ગરીબ-તવંગર, જ્ઞાની-અજ્ઞાની સૌ કોઈની આધ્યાત્મિક ચેતનાને જાગ્રત કરી છે. અંતરના આવરણો ભેદી દિવ્ય પ્રકાશનો અનુભવ કરાવ્યો છે.

સ્વામીશ્રી ઘણીવાર કહેતા કે, 'વેણે વેણે મહારાજના મહિમાની વાતો આવે ત્યારે વાત કરી કહેવાય.' શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન જ્યાં સુધી અંતરમાં દ્રઢ ના થયું હોય ત્યાં સુધી આત્યંતિક કલ્યાણ થાય નહીં. આવી અનેક વાતોથી સબંધમાં આવનારના બખ્તર તૈયાર કર્યા છે.

શરદપૂર્ણિમા, આધ્યાત્મિક રીતે જોઈએ તો હું કાંઈ નહીં. કેવળ સૂર્યનો પ્રકાશ તેવું ચંદ્રમા કહે છે. સૂર્યની તીવ્ર ગરમીને પોતે ઝીલીને શીતળ કરીને માનવજાતને પહોંચાડી સુખ આપે છે.

તેમ ગુણાતીત સ્વરૂપો જે અક્ષરસ્વરૂપ છે તે પ્રીત કરીને જીવમાં ખપ ઉગાડે ને જીવનમાં સમર્પણની શક્તિ પ્રગટાવે છે. આવા ગુણાતીત સ્વરૂપો થકી માનવમાંથી મહામાનવનું સર્જન થાય. અંત:કરણ શુદ્ધ થાય. અહંતા-મમતા ટળતા જાય તેવું જતન કરે છે. સંબંધમાં આવેલાની ચૈતન્ય જનની બનીને શીતળતા બક્ષે છે. સાધનામાં પ્રગતિના સોપાન સુખે સુખે ચડાવે છે ને પોતાના સંકલ્પથી, પ્રાર્થનાથી, દ્રષ્ટિથી, કથાવાર્તાથી જીવોની શુદ્ધિ કરી પ્રભુના ચરણે ધરે છે. શ્રીજીમહારાજે આવા અનેક ગુણાતીત સ્વરૂપોની આપણને ભેટ આપી છે.

ગુરુહરિ પપ્પાજીમહારાજ કહેતાં કે, ગુણાતીતાનંદસ્વામીજી પૂર્ણ શુદ્ધ ચૈતન્યબ્રહ્મ. કેવળ દાસભાવે વર્ત્યા. વિચાર, વાણી, વર્તનમાં એકરૂપતા. ગુણાતીત એ એક ભાવ છે. જે પામવા ઈચ્છે તે સૌ કોઈ પામી શકે ને તેનું સુખ ભોગવે ને બીજાને આપી શકે.

આપણા ભાગ્યનો પાર નથી. આપણને ગુણાતીત સ્વરૂપ પપ્પાજીમહારાજનો અને સ્વરૂપોનો યોગ મળ્યો. તેમનું સાંનિધ્ય મળ્યું. દર્શન-વાતુ નો લાભ મળ્યો. તેમના સંકલ્પે આપણા પ્રકૃતિ-સ્વભાવ બદલાય છે. ને અક્ષરધામના હેવા પડી રહ્યાં છે. એમાં મહાલતા રહેવાનું બળ આપણને સૌને આપ્યા જ કરે તેવી ગુરુહરિ પપ્પાજીમહારાજ તથા સૌ સ્વરૂપોના ચરણે પ્રાર્થના.



## તા.૨૮મી સપ્ટેમ્બર : પ.પૂ.મમ્મીજીના પ્રાગટ્યદિને...

મમ્મીજી એટલે મમ્મીજી. અનાદિનું સ્વરૂપ. મહારાજ પોતાનું કાર્ય કરવા પોતાનો સાજ લઈને આ ધરાએ પધારેલા. તેવું જ એ કાર્યને આગળ ચાલુ રાખવા એવા ગુણાતીત સ્વરૂપોને આ ધરા પર મોકલતાં જ રહે છે ને સાથે એવા મુક્તસમાજને પણ સાથે ને સાથે મોકલે છે. ગુરુહરિ પપ્પાજીમહારાજે શ્રી યોગીજીમહારાજના વચને બહેનોનું કાર્ય શરૂ કર્યું ત્યારે એવો સાજ સાથે હતો. તેમાંના મમ્મીજી સમર્પિતભાવે આ કાર્યમાં ભળી ગયા. પપ્પાજીના ધર્મપત્ની હતાં પણ કોઈ હક્ક–દાવા કર્યા નથી. સ્ત્રીભાવનું દર્શન જ નહીં.

પ.પૂ.દીદીએ એક વખત વાત કરેલી કે, 'તારદેવમાં પપ્પાજી જ્યોતિબેન, તારાબેનને ભણાવતાં તેમાં મીરાંબાઈની કવિતા આવી ત્યારે તારાબેને કહ્યું કે, પરણીને ત્યજવું એના કરતાં ન જ પરણવું.... પપ્પાજીએ આ સાંભળ્યું ને મમ્મીને વાત કરી કે, તારા આવું કહે છે. ત્યારે મમ્મીજી સહસા બોલેલા કે, તારા–જ્યોતિ ભગવાન ભજે તો આપણે તેના મા–બાપ બનીને ઉભા રહીશું. આ મમ્મીજી... ! જે કહેવાય છે ને કે અનાદિના હોય તે વર્તનથી ઉપસી આવે... ને ખરેખર અમારામાં મમ્મીજી ઓતપ્રોત થઈ ગયા. પપ્પાજીના સંબંધમાં જે જે આવ્યા તેમની મમ્મીજીએ મહિમાથી સેવા કરી છે. આ બધું અમે જોયું છે....'

પપ્પાજીની અનુવૃત્તિ પ્રમાણે વર્તે એ મમ્મીજી.

ધીરજ, ધર્મ–જ્ઞાનનો સાક્ષાત્કાર એ મમ્મીજી.

સેવકના સેવક બની મહિમાથી સૌ કોઈની સેવા કરે એ મમ્મીજી.

મમ્મીજી આખા બ્રહ્મસમાજના હતાં. ગુણાતીતની રીતનું જીવન હતું. સૌનું પ્રભુની રીતે મહિમાથી ચૈતન્ય મા બનીને જતન કર્યું છે. પપ્પાજીના એ સૌ મારા એવી ભાવનાથી સૌ સાથે વર્ત્યા છે. મમ્મીજીમાં વ્યવહારિક સૂઝ હતી, બુદ્ધિશાળી હતાં તે બધું સત્સંગ મળ્યા પછી ભક્તિ અર્થે વાપર્યું. પોતાનું જીવન ચાહોમ કરી સત્સંગમય બનીને વર્ત્યા છે. મમ્મીજીએ કોઈ વાતનો અસ્વીકાર કર્યો નથી. તેમ પોતાના દેહનો પણ વિચાર કર્યો નથી. દેહ–સમય જોયા વિના જ્યારે જે કરવાનું આવ્યું તે કર્યું. પપ્પાજીનુંય કર્યું ને આપણા સૌનુંય કર્યું. બહેનોના કાર્યમાં વિધ વિધ પ્રકારના પ્રસંગો સર્જાયા તેમાં હૈયાની વેદના શબ્દરૂપે, વરાળરૂપે ક્યારેય બહાર કાઢી નથી. કેવળ પ્રાર્થનાનો આશરો રાખીને પરિસ્થિતિનો સામનો કર્યો છે. એમની આધ્યાત્મિક કક્ષા એવી ઊંચી હતી કે કદીય પપ્પાજીમાં મનુષ્યભાવ પરઠ્યો નથી. તેમની અક્ષરધામની સમાધિ તૂટી નથી. કેવળ નિરપેક્ષ ભાવ, સમતા, સ્થિતપ્રજ્ઞતા. કોઈ મૂલ્યાંકન નહીં તો કોઈની ઉપેક્ષાય નહીં ને જ્ઞાન ગણતરી પણ નહીં. એવા મમ્મીજીને અનંત વંદન છે.

આજના મંગલદિને મમ્મીજીના ચરણે પ્રાર્થના છે કે, તમ જેવી સ્વરૂપનિષ્ઠા, મહિમાની દ્રષ્ટિ ને નિરપેક્ષભાવ અમારામાં આવે તેવી શક્તિ આપજો જેથી અમે અમારા મન, બુદ્ધિ, ચિત્ત, અહમ્‌થી પર વર્તીને લીધેલા ભેખને સાર્થક કરી શકીએ.



# દીપાવલીનો દિવ્ય આનંદ...

માનવજીવનમાં ઉત્સવો એક અદ્‌ભુત આનંદ અને ઉત્સાહની લહેરી પ્રગટાવે છે. સનાતન હિન્દુ ધર્મમાં અનેક ધાર્મિક અને વિશિષ્ટ ભગવાન અને ભક્તોના પ્રાગટ્યપર્વોને ઉત્સાહ અને ભક્તિભાવ પૂર્ણ ઉજવવાનું અનુપમ આયોજન હજારો વર્ષોથી થયેલું છે.

અત્યારે વિક્રમ સંવત ૨૦૮૧ પૂર્ણ થાય અને ૨૦૮૨ શરૂ થાય. વર્ષના અંતના દસ દિવસ ઉત્સવોની શરૂઆત થાય છે. હિન્દુ કેલેન્ડર ચંદ્ર અને નક્ષત્રોના વિહાર પર રચાયેલું એક અનોખુ કલ્પનાતીત શાસ્ત્રોક્તથી રચાયેલું છે. પહેલો મહિનો કારતક મહિનો અને છેલ્લો મહિનો આસો. આસો સુદ એકમ નવરાત્રિનો પ્રારંભ થાય છે જ્યારે શક્તિ સ્વરૂપા દેવીઓની ઉપાસના થાય છે. નવ દિવસની તપશ્ચર્યા અને ઉમંગ ઉલ્લાસભર્યા દિવસ રાત્રિના વિધવિધ કાર્યક્રમો થાય છે. જીવનમાં શક્તિદેવીની ઉપાસના કરીને સર્વે હિન્દુ ધર્મી ભક્તો દિવ્યતા સભર આનંદનો અનુભવ કરે છે અને તે દશેરા આ વર્ષે – બીજી ઑક્ટોબરે પૂર્ણ થશે.

આસો વદ ૧૧ તા.૧૭.૧૦.૨૦૨૫ રમા એકાદશી વર્ષની છેલ્લી એકાદશી – જેમાં દશ ઈન્દ્રિયો, અગિયારમું મન ભગવાનમાં રાખીને વિશિષ્ટ તપ, જપ, વ્રત કરી ભક્તિભાવે જીવન જીવવું. વળી આજે વદની તિથિ ૧૧-૧૨ અગિયારસ-બારસ એક સાથે આવે છે.

તા.૧૭.૧૦.૨૦૨૫ શુક્રવારે વાઘબારસ પણ સાથોસાથ ઉજવાય છે. દેવું પૂર્ણ કરવાનો દિવસ, ઋણ ચૂકવવું. પ્રભુ પપ્પાજીનું ઋણ ચૂકવવું. ગોવત્સ દ્વાદશીને 'નંદિની વ્રત' તરીકે શૈવ પરંપરામાં ઉજવાય છે. નંદિની અને નંદી બંનેનો માનવજીવન ટકાવી રાખવા માટે તેમનો આભાર માનવામાં આવે છે. ગાય, વાછરડાની પૂજા કરીને ઘઉંના ઉત્પાદનો ખવડાવવામાં આવે છે.

ગુરુહરિ પપ્પાજી વાઘબારસમાં આધ્યાત્મિક દ્રષ્ટિકોણ આપે છે. તે દિવસે આખા વર્ષના નફા-ખોટનું સારા અક્ષરે નામુ લખવાનું એને 'વાઘ' કહેવામાં આવે છે. પ્રત્યેક ગુણાતીત સમાજના ત્યાગી કે ગૃહી સૌ કોઈ પોતે સત્સંગમાં આવ્યા તે દિવસથી શરૂ કરીને આજ સુધીની પ્રગતિનું ચિંતન કરીને નોંધ રાખે – ગ.પ્ર.૩૮માં વણિકના નામાનું – તે પ્રમાણે વિચારી પોતાના ગુણ અને દોષનું વિવેચનાત્મક રીતે મનન કરે અને ગુરુ કે ગુરુહરિની આજ્ઞા પ્રમાણે ન વર્તાયુ હોય તો પ્રાયશ્ચિત કરી દ્રઢ નિશ્ચય કરીને નવા વર્ષમાં તેવી ભૂલ ન થાય અને વધુ ને વધુ ભક્તિ કરી શકાય તેવો દ્રઢાવ કરીને આ વાઘબારસને ઉજવે.

દેવુ ચૂકવવાનો દિવસ – આપણી પર ગુરુહરિ પપ્પાજીમહારાજ, ગુરુ સ્વરૂપોનું ખૂબ ઋણ છે. આપણે તે ચૂકવવા સંકલ્પ, ભાવ ને ક્રિયા કેવળ ભક્તિરૂપ કરીને એકાંતિક ધર્મ સિદ્ધ કરી લઈએ. 'સંપ, સુહૃદભાવ, એકતા' જે પપ્પાજીનો તારદેવ તીર્થધામથી મુખ્ય આગવો સિદ્ધાંત છે તે પાળી ગરજુ થઈ માહાત્મ્યેયુક્ત સેવા કરી લઈએ. તો ઋણ ચૂકવાશે.

ધનતેરશ – તા.૧૮.૧૦.૨૦૨૫, શનિવાર આજના દિને ધન, લૌકિક ધન, સોનું, ચાંદીને ધોઈ

પૂજા કરીને પ્રભુ સમક્ષ ધરી મહાપૂજામાં પ્રસાદીનું કરાવીને તેને શુદ્ધ કરવું. સોનુ અગ્નિમાં બળે તો સૌ પ્રથમ અંદરથી ઓગળે છે તેમ આપણા આત્મારૂપ સોનું સોળવલ્લુ કરવા તેને પ્રામાણિકતા અને સત્યતાથી ઉપજાવવું અને ભગવાન અને તેના સંતોની સેવામાં ૧૦મો, ૨૦મો ભાગ અણિશુદ્ધ કાઢવો. તેમાં ૧૦૦% વફાદારી રાખશો તો શિક્ષાપત્રીનો જે સિદ્ધાંત છે અનંત ગણુ થઈને હરિભક્તોને ભગવાન પાછું આપશે.

આમ તો કહેવાય છે કે 'એમનું જ આપેલું છે ને એમને જ આપવાનું છે.' 'તેરા તુજકો અર્પણ' ને પ્રભુની અપાર કૃપાનો અનુભવ થશે. પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપના આશ્રિતો સૌ માટે તો આજે સંકલ્પરૂપી ધનની દિવ્ય પૂજા છે. શુભ સંકલ્પ કરવા ને તેથી ઉપર આગળ વધી સત્ય સંકલ્પ કરવા. આપણા ઈંદ્રિયો, અંતઃકરણના શુદ્ધિકરણ સરળતાથી થાય તેવા કરવા. અને ગુરુહરિ પપ્પાજી 'શેમાં રાજી છે ?' તે પોતાની જાતને પ્રશ્ન પૂછીને સંકલ્પ ધન વાપરવું – આપણો દેહ પણ પ્રભુએ આપેલી બક્ષિસ છે તો તેને પણ તંદુરસ્ત નિરામય રાખીને ભગવાન ને તેના ભક્તોની સેવા માટે રાખી છતીંદિહે અક્ષરધામના સુખ, શાંતિ ભોગવતા થઈએ –

તનથી તંદુરસ્ત સવળા વિચારો

મનથી તંદુરસ્ત બ્રહ્માનંદી – નીરવ સભર પ્રાપ્તિનો કેફ

ધનથી – અતિ શુદ્ધભાવે લૌકિક અને આધ્યાત્મિક ધનનું શુદ્ધિકરણ તેનું વિશિષ્ટ રૂપે જતન કરીએ.

આત્માથી – મહિમા ને દિવ્યભાવથી ભર્યા ભર્યા પ્રાર્થનાથી પ્રભુને વશ કરવા દ્રઢ સ્વરૂપનિષ્ઠા રાખીને સમતામાં રહીએ.

**અક્ષરચૌદશ – તા.૧૯.૧૦.૨૦૨૫, રવિવાર** પપ્પાજીએ કાળી ચૌદશને અક્ષરચૌદશ બનાવી દીધી – સંબંધયોગે સર્વ જીવોને પોતાના શરણે લીધા. અજ્ઞાનરૂપી અંધકાર ટળી જાય અને આપણને અક્ષરરૂપ બનાવવા એમના ગુરુઓમાં આત્મબુદ્ધિ ને પ્રીતિ કરાવી લીધી. અને એમની આજ્ઞા પ્રમાણે જો જીવીએ તો અખંડ મહિમા અને દિવ્યભાવમાં રહેતા થવાય, જગતમાં કાળી ચૌદશની જે માન્યતા છે તે સર્વે ગુણાતીત સમાજ માટે નથી. પણ 'હું અક્ષર છું, બ્રહ્મ છું.' મારા ગુરુહરિ પપ્પાજીનો પ્રકાશ છું. તેમ માનીશું તો તેવા બ્રહ્માનંદમાં સદાયે રહેતા થવાશે.

**દીપાવલી – અમાસ ૨૦.૧૦.૨૦૨૫, સોમવાર** ચંદ્રપ્રકાશ વિનાની રાત્રિ – એટલે દિપાવલી – આ દિવસે પ્રત્યક્ષ પ્રભુ પપ્પાજી જીવમાં બેઠા એટલે અહમ્ માન્યતાનો અંધકાર ટળ્યો અને જીવમાં સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન સ્વરૂપ ગુરુહરિ બિરાજ્યા અને ત્રણે અવસ્થામાં તેમની અનુભૂતિ અહેસાસ અનુભવાયો. કેવા નસીબદાર ! કાળી ચૌદશે આપણા જીવનને તેજોમય બનાવી દીધું.

'મત્સર વાળાનું' વચનામૃત કારિયાણી-૬ – શ્રીજી મહારાજે સંવત ૧૮૭૭ના આસો વદી અમાસ દિવાળીને દિવસે ગામ કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની આગળ દીપમાળા મધ્યે મંચ બાંધ્યો હતો ને તે મંચ પર છપ્પર પલંગ બિછાવ્યો હતો ને સોનેરી બુટ્ટાદાર રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો અને 'નરનારાયણ', 'સ્વામિનારાયણ' નામે અંકિત એવા કાળા કિનખાબની ડગલી પહેરી હતી ને માથા ઉપર સોનેરી તારના ફરતા છેડાની કસુંબલ પાઘ બાંધી હતી અને આસમાની રંગનો ફેંટો કમ્મરે કસીને બાંધ્યો હતો ને કંઠને વિશે પીળા પુષ્પના હાર ધારણ કર્યા હતા.

* આ વચનામૃતમાં મુક્તાનંદસ્વામીનો પ્રશ્ન છે કે, હે મહારાજ ! ભગવાન પોતાના ભક્ત પર કયે ગુણે રાજી થતા હશે ? મહારાજ બોલ્યા જે ભક્તજન કામ, ક્રોધ, લોભ, કપટ, માન, ઈર્ષ્યા અને મત્સર એટલા વાનાંએ રહિત થઈને ભગવાનની ભક્તિ કરે છે તેની પર મહારાજ રાજી થાય છે.

* બ્રહ્માનંદસ્વામી પ્રશ્ન પૂછે છે કે, મત્સર ટાળવાનો ઉપાય શું? મહારાજ કહે છે કે, 'સંતને માર્ગે ચાલે ને જે સંત હોય તેનો તો જ મત્સર ટળે છે.'

* આગળ મુક્તાનંદસ્વામી પૂછે છે કે, મત્સર ઉપજ્યાનો હેતુ ? – મહારાજ કહે છે કે, એ સ્ત્રી,

ધન, સારું ભોજન મત્સરના હેતુ છે અને જેને એ ત્રણ વાના ન હોય તેને માન છે તે મત્સરનો હેતુ છે...

* મહિમા સમજે કે મહારાજને એક પ્રભુ ભક્ત વિના કોઈ સંગાથે હેત – સંબંધ નથી ને મહારાજ તો આકાશ સરખા નિર્લેપ છે...

આ આખું દીપોત્સવીનું વર્ણન અને મહારાજના વચનો માનસીમાં ધારીને આપણે 'પ્રભુની પ્રાપ્તિ તે જ પરમપદ !' એવા મહિમા-પ્રાપ્તિના કેફમાં રહીને, અહમ્‌ના અંધકારને ત્યાગીને, બુદ્ધિ બિછાનાને ત્યાગી મનથી મૂર્તિની સ્મૃતિમાં રહીએ. માન્યતા, પૂર્વગ્રહને ભૂલીને સૌમાં સંપ, સુહૃદભાવ, એકતાથી જીવનમાં સ્વરૂપનિષ્ઠા દ્રઢ કરીને, ભક્તિરૂપ ક્રિયાઓનો પ્રકાશ પ્રસરાવવાનો ઉત્સવ માણી લઈએ. આધ્યાત્મિક દ્રષ્ટિથી ખરેખર વદી અમાસના દિવસે આખા વર્ષમાં એકપણ ઉત્સવ નથી. પણ આ વિક્રમ સંવત વર્ષનો છેલ્લો દિવસ ને તે દિવસે દિવ્યભાવ, બ્રહ્માનંદના દીપને ઝળહળતા કરીને બીજે દિવસે આવનાર નૂતન વર્ષને આવકારીએ.

**નૂતનવર્ષ - સંવત ૨૦૮૨ કારતક સુદ એકમ તા.૨૨.૧૦.૨૦૨૫, બુધવાર અન્નકૂટ ઉત્સવ.** અન્નકૂટ કરીને આખા વર્ષના ધાન પ્રભુને ધરાવી પ્રસાદી કરીને ગ્રહણ કરીએ.

તા.૨૧.૧૦.૨૦૨૫ના તિથિ પ્રમાણે કોઈ મુહૂર્ત નથી તેથી તે દિવસ ખાલી ગણાય છે. ગુરુહરિની પ્રત્યક્ષ મૂર્તિનું મનન-ચિંતન ને મહિમાની દ્રઢતા કરી ગુરુની આજ્ઞાને દ્રઢ નિશ્ચયાત્મક ગાંઠ વાળીને નવો ઉત્સાહ, નવો ઠરાવ અને જીવનમાં નવીનતા લાવવાની ધગશ રાખીએ. ગુણાતીત સમાજ જ્યોત પરિવારમાં તો મારે નિત નવું વર્ષ એવું પ્રભુ પપ્પાજીનું સનાતન સૂત્ર છે જ- આજથી અરસપરસના રાગ-દ્વેષ ભૂલી – એકબીજાનો પ્રેમ, ભક્તિથી આવકાર સ્વીકારી જીવનમાં સવળી વિચારસરણી રાખીને એકમેક સાથે અક્ષરમુક્ત તરીકે વ્યવહાર કરીએ. પ્રત્યક્ષ પ્રભુને અંતર્યામી સર્વોપરી અને કર્તાહર્તા માનીને ગયા વર્ષને ભૂલી જઈને પ્રાર્થનાપૂર્વક આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિ સર્વમાં સર્વ પ્રસંગે રાખવા માટે પ્રભુને કાલાવાલા કરીએ તેથી જીવનની હરેક પળ મંગલમય બનશે અને આનંદ, ઉત્સાહ, ઉદારતા, ક્ષમાભાવ વધશે. અંતરનો આનંદ અનેકગણો વધશે. ગુરુહરિના વચન 'મુક્તોમાં મહારાજ જોઈને સેવા કરી લઈએ.' તે સાંગોપાંગ જીવનમાં વણી લઈએ. એ આ વર્ષની અભીપ્સા અને ઝંખના છે.

**ભાઈબીજ - કારતક સુદ બીજ તા.૨૩.૧૦.૨૦૨૫, ગુરુવાર** ગુરુહરિ પપ્પાજીની અસીમ કૃપાથી ચાર પાંખાળો ગુણાતીત સમાજ અસ્તિત્ત્વમાં આવ્યો. નવા વર્ષની શુભ શરૂઆત દિવ્ય આત્મીયતા અને એકમેકના પૂરક અને પ્રેરક બનવાની મહેચ્છા લઈને ગુણાતીત જ્યોતના સંત બહેનો, તેમાં સંતો, વ્રતધારી ભાઈઓ ગુણાતીત પ્રકાશ અને ગુણાતીત સૌરભના સર્વ કોઈ ગૃહસ્થ ભાઈ-ભાભીઓને હૃદયના ભાવે આવકારે છે અને પ્રત્યક્ષ ગુરુહરિ અને ગુરુઓના આશીર્વાદ અરસપરસ મેળવી લેવા ઝંખના કરે છે. આધ્યાત્મિક આમન્યા સહિત નૂતનવર્ષે જે અન્નકૂટ થયો હતો તે ધાનમાંથી વિવિધ વાનગીઓ બનાવીને ભાવેયુક્ત પ્રસાદ અર્પણ કરે છે. જેમાં એક જ ભાવના છે – અહો! આ મારા પ્રત્યક્ષ પ્રભુના બોટેલા ચૈતન્યો ! એ સૌની તનની સુખાકારી, મનની પ્રસન્નતા, ધન સંપતિનો વિશેષ વિકાસ થાય. આત્માથી આઠે પહોર 'હે પ્રભુ પપ્પાજી ! હું તમારો તમે મારા !' એ સંપૂર્ણ આનંદ અને સમર્પણ સેવાની ભાવના રાખીને જીવન જીવે. ગૃહસ્થો કુટુંબે સહિત તરી જ ગયા છે. મુક્તાનંદસ્વામીએ આરતીમાં ગાયું છે તેમ – સૌ કોઈ સાક્ષાત્ પ્રભુની પ્રાપ્તિ માણતા રહીને સર્વે કર્તવ્ય કર્મો કરે અને તેઓની અક્ષરધામની જ્ઞાનસમાધિ કદીયે જાય નહીં. તેવા અક્ષરમુક્ત બનીને જીવે તેવી ગુણાતીત જ્યોતના સર્વે સંત બહેનોની પ્રાર્થના એ પ્રસાદમાં રસરૂપ થઈ ગઈ હોય છે.

આમ સાત દિવસના પ્રકાશના પર્વોને અક્ષરમુક્ત બનીને માણવાની તક આપણને વર્ષોવર્ષ ગુરુહરિ પપ્પાજીએ આપી છે તેનો અપાર ઉપકાર માનીને Thank You પ્રભુ પપ્પાજી ! કહીને નૂતનવર્ષની પ્રત્યેક પળ અને દિવસો મસ્તીથી પસાર કરીએ.

## સત્સંગ સમાચાર

## તા.૧૦.૮.૨૦૨૫ : પ.પૂ.દિલીપભાઈ(યુ.કે.)ના ૮૦મા પ્રાગટ્યદિન 'ભક્તિ ઉત્સવ'ની ઉજવણી...

ગુરુહરિ પપ્પાજીમહારાજના કૃપાપાત્ર, વારસદાર અને માનસપુત્ર અને પ.પૂ.બેનના અત્યંત લાડીલા એવા સંત સ્વરૂપ પ.પૂ.દિલીપભાઈ(યુ.કે.)ના ૮૦મા પ્રાગટ્યદિનની ઉજવણી ૧૦મી ઑગષ્ટના શ્રી સ્વામિનારાયણ મંદિર, સ્ટેનમોર ખાતે કરવામાં આવી હતી. પ.પૂ.દીદીએ આ અવસરનું નામ 'ભક્તિ ઉત્સવ' આપ્યું હતું. આ અવસર સમગ્ર યુ.કે. સમાજના મુક્તોએ અત્યંત ધામધૂમથી ઉજવ્યો હતો. ખાસ આ અવસર નિમિત્તે પ.પૂ.શોભનાબેન અહીં જ વધુ રોકાયા હતાં અને ગુણાતીત પ્રકાશના પ્રમુખ પૂ.વિરેનભાઈ ભારતથી પધાર્યા હતા. અને પેરીસ મંડળના મુક્તો પણ અહોહોભાવે આનંદથી પધાર્યા હતા જે સર્વે મુક્તો માટે આનંદનો વિષય બની રહ્યો.

આ ભવ્ય કાર્યક્રમનું સંચાલન પૂ.જીજ્ઞેશભાઈ મદાણીએ અત્યંત કુશળતાપૂર્વક પૂ.પ્રિયેશભાઈ પાનખાનિયાના માર્ગદર્શન હેઠળ કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત એક સુંદર વીડિયો પ્રેઝન્ટેશનથી થઈ હતી.

સૌ પ્રથમ પૂ.દિલીપભાઈનું સ્વાગત કર્યું જેમાં 'આવકારીએ આવકારીએ...' ભજન ગવાયું. તેમની જોડે પૂ.વિરેનભાઈ પણ હતા. પૂ.દિલીપભાઈ સ્ટેજ પર પધાર્યા બાદ ગુરુહરિ પપ્પાજીમહારાજને લંડન જ્યોતના બહેનોએ બનાવેલ અતિ સુંદર પુષ્પનો હાર અર્પણ કર્યો. એ દરમ્યાન સમગ્ર યુ.કે. સમાજ વતી પૂ.હિરેનભાઈ મૈસુરિયાએ પૂ.દિલીપભાઈને હાર અર્પણ કર્યો. અને પૂ.મનીષાબેન મૈસુરિયાએ મંચસ્થ સ્વરૂપોને કલગી અર્પણ કરી. પૂ.વિરેનભાઈએ ગુણાતીત પ્રકાશના ભાઈઓ વતી અને સુરત મંડળ તરફથી પૂ.દિલીપભાઈને હાર અર્પણ કર્યો અને ખૂબ માહાત્મ્યસભર વાતો કરી કહ્યું કે ગુરુહરિ પપ્પાજીએ પ્રકાશના બધા જ ભાઈઓને દિલીપભાઈનો સંગ અને સમાગમ કરવા સૂચન કર્યું હતું.

ગુણાતીત જ્યોતના પૂ.ડૉ.વીણાબેને વીડિયો દ્વારા પૂ.દિલીપભાઈની ગુરુહરિ પપ્પાજીમહારાજ પ્રત્યેની અદ્વિતીય પરાભક્તિના દર્શન કરાવ્યા. ગુણાતીત પ્રકાશ પૂ.ઈલેશભાઈ, પૂ.સુરેશભાઈ, પૂ.પીયૂષભાઈ અને પૂ.ચેતનભાઈએ દિલીપભાઈ પ્રકાશના ભાઈઓને સાથી મિત્ર તરીકે માર્ગદર્શન આપતા રહે છે એનું દર્શન કરાવ્યું. પૂ.મગનભાઈ મૈસુરિયા (પેરીસ) અને પૂ.પુનિતભાઈ શાહે (ઓસ્ટ્રેલીયા) પૂ.દિલીપભાઈની અપાર ગરજ અને ગુરુહરિ પપ્પાજીએ એમના જીવમાં કેવું સ્થાન લીધું તેના અનુભવો કહ્યા હતા.

ત્યારબાદ પૂ.હાર્દિકભાઈ પીઠડિયાએ 'ગરજુ થઈ સેવા કરો...' ભજન ગાયુ હતું. તે પૂ.દિલીપભાઈનું પ્રિય ભજન છે. ૨૦૦૨માં ગુરુહરિ પપ્પાજીમહારાજ સ્પેન પધાર્યા હતા અને બીજે દિવસે તેઓ ગંભીર મુદ્રામાં હતા. પૂ.દિલીપભાઈએ આ ભજનની થોડી કડીઓ ગાઈ હતી ને પપ્પાજી તરત પરભાવમાં આવી ગયા હતા અને સ્પેનમાં રહ્યાં ત્યાં સુધી બધાને ખૂબ ખૂબ આનંદ કરાવ્યો હતો. ગુરુહરિ પપ્પાજી અને પૂ.દિલીપભાઈના અનોખા સંબંધની સ્મૃતિ આ ભજનમાં જોડાયેલી છે.

આજના ઉત્સવનો એક અતિ મહત્વપૂર્ણ ભાગ ગુરુહરિ પપ્પાજીએ પૂ.દિલીપભાઈ અને પૂ.અરૂણાબેનને સ્વહસ્તે લખેલા સ્મૃતિભર્યા પત્રોનું દ્રશ્ય શ્રાવ્ય માધ્યમથી કરવામાં આવેલું પ્રેઝન્ટેશન હતું. આ પત્રો દ્વારા AIનો ઉપયોગ કરીને સૌ મુક્તોને એ દિવ્ય સંબંધના દર્શન કરાવવામાં આવ્યા હતા.

આ ઉપરાંત લંડન જ્યોતના સંત બહેનો અને સમાજ વતી પૂ.રેખાબેન ખમારે ભાવાર્પણ કર્યું. ત્યાર બાદ પૂ.શીલાબેન પોપટ અને પૂ.ઈલાબેન વાઘેલાએ મહિમાદર્શનમાં કહ્યું કે, પૂ.દિલીપભાઈ સદાય અમારી સાથે મોટાભાઈ બનીને રહ્યા છે. પૂ.કલાબેન સાકરિયાએ પોતાના મોટા ભાઈ પૂ.દિલીપભાઈને પ.પૂ.દીદીબાએ ખાસ મોકલાવેલ સુંદર હાર પહેરાવી દિલીપભાઈના બાળપણના સંસ્મરણો કરાવ્યા.

ત્યારબાદ પૂ.દિલીપભાઈને પ.પૂ.દીદીબાએ

મોકલાવેલી સુંદર બુકે પૂ.કૃણાલભાઈ પટ્ટણીએ, કાર્ડ પૂ.વિરેનભાઈએ, 'પરામૃત' પુસ્તક પૂ.જીગ્નેશભાઈ મદાણીએ અર્પણ કર્યા. ત્યાર બાદ સક્રિય રીતે ભાગ લેનાર અને સેવા કરનાર તમામ યુવક ભાઈઓ, કાર્યકર્તાઓ સ્ટેજ પર આવ્યા, કેક કર્તન સાથે પૂ.દિલીપભાઈને Happy Birthday પાઠવી આનંદ વ્યક્ત કર્યો.

ત્યારબાદ પૂ.દિલીપભાઈના જીવન-માહાત્મ્યનું દર્શન કરાવતું ગુણાતીત પ્રકાશ પૂ.નીલેશભાઈ રચિત 'જેના રોમ રોમ ને કણકણમાં પપ્પાની સ્મૃતિ સમાઈ છે...' એ ભજન પૂ.અંકિતભાઈના સુમધુર સૂરમાં દ્રશ્ય-શ્રાવ્ય માણી સૌ સ્મૃતિસભર થયા.

તે પછી પૂ.શોભનાબેને માહાત્મ્યગાન કરતાં પૂ.દિલીપભાઈના કાર્યનું દર્શન કરાવ્યું. પૂ.અરૂણાબેને ગુરુહરિ પપ્પાજીમહારાજે કેવો સંબંધ દિલીપભાઈ અને એમની સાથે કેળવ્યો એનું વર્ણન કર્યું.

પ.પૂ.દીદીબાએ વીડિયો દ્વારા ગુણાતીત જ્યોતના બહેનો, ગુણાતીત પ્રકાશના ભાઈઓ, સંતો અને ભારતના હરિભક્તોના દિલીપભાઈને તેમના ભક્તિ ઉત્સવના Happy Birthday અને જય સ્વામિનારાયણ પાઠવીને આશીર્દાન આપ્યા કે, તમારું દંપતી મહારાજ અક્ષરધામમાંથી લાવ્યા છે. તમારી સેવા ઉત્તમ છે. અને સૌને ભગવાન આપો છો તો અમ સૌને આનંદ છે. તમે પરદેશમાં અને પપ્પાજી ભારતમાં રહ્યા તોય તમે એમના વારસદાર બની ગયા... તમારી શતાબ્દી તમારી જ હાજરીમાં ઉજવીએ એવી ગુરુહરિ પપ્પાજીના ચરણે પ્રાર્થના કરું છું.

ત્યારબાદ પૂ.દિલીપભાઈએ આશિષ આપતા પોતાની અનોખી શૈલીમાં ગમ્મત સાથે જ્ઞાન પીરસીને સૌને પપ્પાજીમાં તરબોળ કર્યા.

વહાલા દિવ્ય બેનના અને ગુરુહરિ પપ્પાજીમહારાજના ધ્વનિમુદ્રિત દિવ્ય આશિષ લઈને પ્રાગટ્યદિનની આ સભા સમાપ્ત કરી. મહાપ્રસાદ લઈને બધાએ આનંદ કરતા કરતા પ્રસ્થાન કર્યું.

(Reported by P Priyeshbhai Pankhaniya-U.K.)

## તા.૧૧.૮.૨૦૨૫ – નરોડા જ્યોત શાખાના
## ૨૫મા સ્થાપનાદિનની ઉજવણી...

નરોડા-કૃષ્ણનગરની એ પવિત્ર ભૂમિ જેને ગુરુહરિ પપ્પાજીમહારાજ ગોકુળિયું મંડળ કહેતા હતા. અનેક પૂર્વેના મુક્તોનું જ્યાં સ્થાન હતું. આ જ ભૂમિ પર શ્રીજી મહારાજે પોતાના કાર્યની યોજનાના ભાગરૂપે ગુરુહરિ પપ્પાજીમહારાજમાં અનન્ય નિષ્ઠા ધરાવતા ગૃહસ્થ મુક્તોમાં પૂ.જયંતીભાઈ ઠક્કર અને પૂ.શારદાબેન ઠક્કરને પહેલેથી જ ત્યાં સ્થાયી કર્યા હતા. તેઓ ચૈતન્ય માધ્યમ તરીકે સેવાકાર્ય કરતા. તેમણે બંને બાળકોને પહેલેથી એવા ભક્તિ અને સમર્પણના સંસ્કારો આપી ઉછેરેલા. એમના દીકરી પૂ.ઈન્દિરાબેનને વર્ષોથી આપણે ગુરુહરિ પપ્પાજીમહારાજને રાજી કરવા પ.પૂ.ઈન્દુબેન(સ્વામી)ની નિશ્રામાં સંત બહેન તરીકે સેવા કરતા જોયા છે. એમના દીકરા પૂ.જગદીશભાઈ પ.પૂ.સાહેબદાદાની નિશ્રામાં અનુપમ મિશનમાં વ્રતધારી સંત ભાઈ તરીકે સેવાકાર્ય કરી રહ્યા છે. આમ પૂ.શારદાબેન અને પૂ.જયંતીભાઈ સંતાનોને પ્રભુની સેવામાં પ્રભુચરણે સમર્પિત કરી જીવ્યા. તેમના નિવાસસ્થાને ગુરુહરિ પપ્પાજીમહારાજ અને પ.પૂ.જ્યોતિબેનની કૃપાથી ગુણાતીત જ્યોત, વલ્લભ વિદ્યાનગરની એક શાખાની શરૂઆત ઈ.સ.૨૦૦૦ની સાલમાં ૧૧ ઑગષ્ટના દિવસે થઈ.

ગુરુહરિ પપ્પાજીમહારાજના અને પ.પૂ.જ્યોતિબેનના અતિ વિશ્વાસુ અને કૃપાપાત્ર એવા પૂ.હેમાબેન અને પૂ.મંદાબેનને નરોડા જ્યોતના મહંત અને જવાબદાર તરીકે નીમ્યા. પ.પૂ.ઈન્દુબેન જેવા સદ્‌ગુરુની હૂંફ અને માર્ગદર્શન તો હતું જ. કોઈપણ નવા કાર્યની શરૂઆત કેટલી ભીડાભક્તિવાળી હોય છે તે ખબર જ છે. વિષમ સંજોગો અને પરિસ્થિતિમાં પણ ગુરુહરિ પપ્પાજીમહારાજને રાજી કરવા જ્યારથી નરોડા જ્યોતની સ્થાપના થઈ ત્યારથી પૂ.મંદાબેને ખૂબ પરિશ્રમ કર્યો છે. ધન્યવાદ છે આવા મંડળના મુક્તોને પણ કે જેમણે એમની પડખે ઊભા રહી યથાશક્તિ

સેવાકાર્ય કર્યું છે. પાયાના મુક્તરાજ પૂ.શાંતાબેન ભટ્ટી, પૂ.ઘનશ્યામભાઈ રત્નાની, પૂ.વિજયભાઈ જોષી, પૂ.અલકાબેન, પૂ.ઝરણાબેન, પૂ.ક્રિશ્નાબેન અને તેમના પરિવારે અને મંડળના મુક્તોએ પૂ.મંદાબેનને મંડળને સારી રીતે સાચવવા માટે સહકાર આપ્યો છે.

આજે નરોડા જ્યોતને ૨૫ વર્ષ પૂરાં થયાં. રજત જયંતી. ખૂબ આનંદનો ઉત્સવ. ગુરુ અને ગુરુહરિ પ્રત્યે પોતાની નિષ્ઠા અને પૂર્ણ વફાદારી રાખી આખા મંડળના મુક્તો અડીખમ ઊભા છે એવા મુક્તો અને મંદાબેન, કુંદનબેનને કોટિ કોટિ ધન્યવાદ.

તા.૧૧.૮.૨૦૨૫ના સવારે ૮ વાગ્યે સૌ પ્રથમ નરોડા જ્યોતના પાટોત્સવ નિમિત્તે ગુણાતીત પ્રકાશના વ્રતધારી પૂ.ઈલેશભાઈ, પૂ.વિજયભાઈ અને પૂ.યોગેશભાઈએ શ્રી ઠાકોરજીની આરતી કરી. ત્યાર બાદ પ.પૂ.પદુબેન, પ.પૂ.હંસાબેન ગુણાતીત, પ.પૂ.હેમાબેને આરતી કરી.

ત્યાર બાદ નિકોલમાં હોલ રાખ્યો હતો ત્યાં ગુરુહરિ પપ્પાજીમહારાજ, પ.પૂ.જ્યોતિબેન અને પ.પૂ.ઈન્દુબેનના દિવ્ય સાંનિધ્યે અને પ.પૂ.પદુબેન, પ.પૂ.હંસાબેન ગુણાતીત, પ.પૂ.હેમાબેનની પ્રત્યક્ષ સંનિધિમાં નરોડા જ્યોતની રજતજયંતીની ઉજવણી કરી. આ અવસર નિમિત્તે ૭ દંપતિ યજમાનોએ મહાપૂજામાં ભાગ લીધો હતો. પૂ.ઈલેશભાઈએ ભાવવાહી મહાપૂજાની વિધિ કરાવી.

ત્યાર બાદ સભાનો પ્રારંભ થયો. સૌ પ્રથમ શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજીમહારાજ, પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ.ઈન્દુબેનને પુષ્પહાર અર્પણ કર્યા. ત્યાર પછી મંચસ્થ સ્વરૂપોનું અને વડીલ ભાઈઓનું બેજ અર્પણ કરી સ્વાગત કર્યું.

ત્યાર બાદ પૂ.અમિતભાઈ વ્યાસ, પૂ.શર્વિલ ગોસલીયા, પૂ.હેમંતભાઈ મોદી, પૂ.અલકાબેન, પૂ.ઝરણાબેને મહિમાગાન અને અનુભવદર્શન કરાવ્યું.

આ અવસર નિમિત્તે પૂ.ક્રિષાબેન પટેલ અને પૂ.પૂર્વાબેન લહેરી તેમજ પૂ.કાવ્યાબેન ભટ્ટી અને પૂ.સંજીવનીબેન મોદીએ નૃત્ય દ્વારા ભાવ વ્યક્ત કર્યા.

ત્યાર બાદ ગુરુહરિ પપ્પાજીમહારાજ, પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ.પદુબેન અને પ.પૂ.હંસાબેન ગુણાતીતના આશીર્વાદ લીધા. સભાના અંતમાં પૂ.વિજયભાઈ જોષીએ સૌનો આભાર વ્યક્ત કરતાં શબ્દપુષ્પો ધર્યા– નરોડા જ્યોતની સ્થાપનાના ૨૫ વર્ષની પૂર્ણતાના અવસરે ભગવાન સ્વામિનારાયણ અને ગુરુહરિ પપ્પાજીમહારાજના ચરણોમાં એક જ પ્રાર્થના કરીએ છીએ કે, આપે જે હેતુથી આ જ્યોતની સ્થાપના કરી છે એ હેતુને સફળ બનાવવા માટે અમે પૂર્ણ સમર્પણભાવથી એમાં જોડાયેલા રહીએ. આપ અખંડ રાજી થાવ એવું જીવન જીવીએ એ જ પ્રાર્થના.

જયઘોષ સાથે આ ઉત્સવનું સમાપન થયું. ત્યાર બાદ સૌ હરિભક્તો મહાપ્રસાદ લઈને વિદાય થયા.

## તા.૨૪.૮.૨૦૨૫ – પ.પૂ.દીદીના ૯૦મા પ્રાગટ્યદિનની સભા...

આપણા અહોભાગ્ય છે કે દીદીની છત્રછાયા ને જતન મળી રહ્યાં છે. દીદીએ નાની નાની રોજીંદી ક્રિયાથી માંડીને, છેક પરમ ભાગવત સંત સુધીની સિદ્ધાંત સહિતની વિધ વિધ માધ્યમે જે આધ્યાત્મિક પ્રેરણા આપી છે તે વંદનીય છે. દીદી પ્રાર્થના ને સંકલ્પથી આપણને બળ આપી રહ્યાં છે. પ્રભુને પ્રસન્ન કરવાની ધગશ પોતે રાખે છે અને સાધકો, ભક્તોને પણ તેવી પ્રેરણા પૂરી પાડે છે. પપ્પાજી દીદી થકી પ્રત્યક્ષરૂપે સર્વનું સર્વ પ્રકારે જતન કરી રહ્યાં છે. તેવા પ્રેરણાસ્વરૂપ દીદીને કોટિ કોટિ વંદન.

સભા પ્રારંભે પ્રસન્ન શતાબ્દી ગ્રુપના બહેનોએ પ.પૂ.દીદીનું સ્વાગત કર્યું. ત્યારબાદ આવાહ્ન શ્લોકથી સભાનો પ્રારંભ થયો. શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજીમહારાજ તેમજ પ.પૂ.દીદીને પુષ્પહાર અર્પણ કર્યા.

મહિમાગાનમાં પૂ.રેખાબેન સભાણી, પૂ.પ્રીતિબેન કાનાણી, પૂ.નીરાબેન પંચાલ, પૂ.ડૉ.પંકજબેને લાભ આપ્યો. ત્યારબાદ પ.પૂ.દીદીને કેક અર્પણ કરી કર્તન કરાવ્યું. પ.પૂ.દીદીએ સૌને પ્રસાદી આપી ધન્ય કર્યાં.

અંતમાં પ.પૂ.દીદી અને ગુરુહરિ પપ્પાજીમહારાજના આશિષ માણી સભાનું સમાપન કર્યું.

## તા.૨૭.૮.૨૦૨૫ – પ.પૂ.દેવીબેનના સ્વરૂપાનુભૂતિદિનની સભા...
## 'બ્રહ્માનંદી તેજ પર્વ'ના પ્રારંભનો ઉદ્‌ઘોષ...

પ.પૂ.દેવીબેનના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણીની સભા પપ્પાજી હૉલમાં પ.પૂ.દીદીના સાંનિધ્યે થઈ. સભાનું સંચાલન પૂ.ડૉ.નીલમબેને કર્યું. આવાહ્ન શ્લોકથી સભાનો પ્રારંભ કર્યો. શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજીમહારાજ, પ.પૂ.દેવીબેન તેમજ સ્વરૂપોને પુષ્પહાર અને પુષ્પગુચ્છ અર્પણ થયા.

**આજના આ શુભદિને આ વર્ષમાં પ.પૂ.દેવીબેન ૯૦મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છે. તે પર્વનું નામકરણ 'બ્રહ્માનંદી તેજ પર્વ' થયું.** બ્રહ્માનંદ એટલે પ્રભુ પ્રાપ્તિનો આનંદ... પ્રભુ ભક્તિનો આનંદ... પ્રભુમાં નિત્યે નિમગ્ન રહેવાનો આનંદ... એવા બ્રહ્માનંદમાં નિત્યે વિહાર કરે અને સામેના પાત્રને પણ એવો બ્રહ્માનંદ આપી શકે એવા ગુણાતીત સ્વરૂપ પ.પૂ.દેવીબેન છે.

બ્રહ્માનંદ અવિનાશી છે ક્યારેય તેનો નાશ થતો નથી. બ્રહ્માનંદ અલૌકિક છે આલોકના જે સર્વે ભૌતિક સુખ તેથી પર છે. બ્રહ્માનંદ સ્વયંસિદ્ધ છે. તે બાહ્ય કોઈ વસ્તુ, પદાર્થ કે સમય, સંજોગ, ક્રિયા, સ્થાન, વ્યક્તિ કે અન્ય શક્તિ પર આધારિત નથી. પ્રભુ સંગેના ઐક્યથી આત્મામાં ઉપજતો આનંદ છે. બ્રહ્માનંદ પ્રશાંત છે. તેમાં ચંચળતા કે ઉદ્વેગને અવકાશ નથી. બ્રહ્માનંદના તેજની સામે અન્ય સર્વે સુખ ઝાંખા પડે છે. એવા બ્રહ્માનંદી તેજભર્યું સ્વરૂપ પ.પૂ.દેવીબેન છે. જે અનાદિનું સ્વરૂપ છે તેને પ્રાગટ્ય જ ન હોય. પરંતુ આવા દિવ્ય સ્વરૂપોનું અવનિ પર અવતરણ કેવળ પ્રભુની ભક્તિને અર્થે, આત્માઓના ઉત્કર્ષને અર્થે હોય છે. આલોકના સુખને સુખ માની બેઠેલા જીવોમાં બ્રહ્માનંદનું તેજ ભરી પ્રભુના દિવ્ય સુખે સુખી કરવા માટે જ તેઓ ધરા પર પધારે છે. **એવા દેવીબેનના ૯૦મા પ્રાગટ્યપર્વે ચાલો આપણે સૌ પણ એ બ્રહ્માનંદી તેજનું એક કિરણ બની જીવી શકીએ એવી અભ્યર્થના સાથે 'બ્રહ્માનંદી તેજ પર્વ'નો મંગલ ઉદ્‌ઘોષ પ.પૂ.દીદીના હસ્તે પૂ.ભાવનાબેન અમીને કરાવ્યો. દીદીના સ્પર્શે આ બ્રહ્માનંદી તેજનો ઝગમગાટ પ્રસરી રહ્યો. અને સૌ તેનો આનંદ માણી રહ્યાં.**

ત્યાર બાદ પૂ.હીનાબેન વ્યાસ રચિત 'કરૂણામયી હો બ્રહ્માનંદી....' ભજન ગવાયું. કેકઅર્પણ અને ભાવ અર્પણ થયાં. ત્યાર બાદ પ.પૂ.દેવીબેનના મહિમાગાન થયા અને સ્વરૂપોના આશીર્વાદ લીધા તેનો સાર માણીએ.

**પૂ.ઋજુબેન :** દેવીબેન આનંદી સ્વરૂપ છે, પણ આપણા ને દેવીબેનના આનંદમાં ઘણો ફેર છે. દેવીબેને મને ક્યાંથી ક્યાં મૂકી તે સ્મૃતિની વાત કરીશ. મારી બેન મીકીની વિદાય વખતે મારે પણ વિદાય લેવી હતી. હું એટલે જ સરસ તૈયાર થઈ હતી. પણ તેવું બન્યું નહીં. તે દિવસે દેવીબેન સુરતથી રાત્રે આવવાના હતા. મને તેમની રાહ જોવાનું કહ્યું હતું. રાત્રે તેઓ મોડા પધાર્યા ને મને ખૂબ સ્મૃતિઓ આપી જાણે મારો સંકલ્પ પૂરો કર્યો. જ્યારે મારી ખરેખર વિદાય થઈ ત્યારે તો મહાપૂજા પછી સીધા વિદ્યાનગર આવી ગયા. ને કહે આપણે તો કંઠી એ જ આભૂષણ. આમ મારા બધા મોજશોખ પળમાં ટાળી દીધા.

તેવી જ રીતે ગુરુહરિ પપ્પાજીમહારાજ અને પ.પૂ.દેવીબેનની સેવાનો લાભ મળ્યો તે સ્મૃતિઓ કરાવીને અંતમાં પ્રાર્થના કરી કે મારા મનથી મારો આનંદ ક્યારે ન જાય તેવું બળ આપજો.

**પૂ.ભાવનાબેન ડી. :** પોતાની સ્મૃતિઓ વર્ણવતા કહ્યું કે, દેવીબેને આધ્યાત્મિક જતન બહુ જ કર્યું છે. આધ્યાત્મિક જતનમાં રૂપાંતર જ હોય. અમે ભણવા માટે જ્યોતમાં આવ્યા હતાં ત્યારથી દેવીબેને જ્યાં ત્યાં જેવું તેવું ચલાવતા શીખવ્યું છે. સેવા કરવામાં કોઈ દિવસ ભીડો લાગ્યો નથી. આચારસંહિતા પ્રમાણે જીવન જીવતા શીખવ્યું છે. સંકલ્પ, પ્રાર્થનાથી આધ્યાત્મિકતામાં આગળ લીધા છે. આપણી હાજરી હોય ત્યાં આચારસંહિતા, પપ્પાજીની મરજી, સ્વરૂપો

માટે એક સરખું માહાત્મ્ય તે બધું શીખવ્યું છે. ને અત્યારે સુખ અનુભવાય છે. તેઓ સાથે જ છે ને ગાઈડ કરે જ છે. સૌ સ્વરૂપો ખૂબ જ બળ આપે એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** લક્ષ્મીદેવીનો આજે સાક્ષાત્કારદિન. યોગીજીમહારાજે ૧૯૫૯ની ૨૭મી ઓગષ્ટે ચૈતન્યનું દર્શન કરી ચૈતન્યને જાગ્રત કરી દીધું. પત્રમાં ભૂતકાળ અને તેમનું વર્તમાન કાર્ય લખ્યું. પપ્પાજીએ એ પત્ર વાંચ્યો ને તરત બોલ્યા, 'ક્યાં ગઈ લખડી !' ને દેવીબેન કૂદકા મારતા ગયા તે સ્મૃતિ હજુ યાદ છે. બહુ જ બુદ્ધિશાળી છે એટલે ઓળખવા અઘરા પડે. જ્યારે દેવીબેન સાથે કામ કરવાનું હોય ત્યારે પ્રાર્થના કરવી પડે. પપ્પાજીએ તેમને પરદેશના મંત્રી બનાવ્યા. તો તેમણે ભગવાન રાખ્યા ને વહેંચ્યા.

છેલ્લે બીમાર હતા ત્યારે એકવાર હું તેમની રૂમમાં ગઈ તો ઉઠે જ નહીં. ને જેવું કહ્યું કે દીદી આવ્યા છે તો તરત ઊઠી ગયા. ઊંઘમાં પણ મારે શું કરવાનું છે તે જાણપણું હતું. એ બધી ક્રિયાઓમાં હોંશિયાર હતાં. એમને બધું આવડે.

ખોટ તો બહુ લાગે પણ તેમના કાર્યને વારસદાર બનીને કરવાનું છે. આ બધા સ્વરૂપો અહીં છે તેવો અનુભવ થાય તેવી હે પપ્પાજીમહારાજ ! કૃપા કરજો.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** દીદીએ આપણને યોગીજીમહારાજે લખેલા પત્રની સ્મૃતિ કરાવી. ૨૭મીએ લખેલો કાગળ ૨૮મીએ મને મળ્યો ને મારી બુદ્ધિમાં ટચ કરી ગયો. બાપાએ લખેલું કે ૫-૭ દિવસ વિચાર ચાલે. તે પ્રમાણે સાતમે દિવસે ૨જી સપ્ટેમ્બરે મને પપ્પાજીમાં યોગીમહારાજનાં દર્શન થયા ને બુદ્ધિમાં ખાત્રી થઈ ગઈ. કૃપામાં યોગીજીમહારાજ, પપ્પાજી કેવા સ્વરૂપ છે તેની ઓળખાણ થઈ ગઈ.

તારદેવના ઘરમાં બધા શું માહાત્મ્યથી રહેતા ! એ ઘરમાં અમે આટલા સાથે રહ્યાં પણ બે વાસણ અથડાતા નથી જોયા. પરમ શાંતિ, આત્માની શાંતિ અનુભવી છે. સેવા માટે કોઈ લડત નથી પડી. ને એમ થાય કે આ બહેનો સાથે રહેવું છે. ૨૫ જણા રહેતા પણ બધાના મોઢાં પર પ્રાપ્તિનો કેફ, ખુમારી, ખપી જવાની ભાવના દેખાય. અક્ષરધામના તખતમાં રહેવા મળ્યું ! કેવળ કૃપામાં ! કપોળવાડીમાં આ બહેનોના દર્શન થાય તો એમ થાય કે આ બેનો ખરા છે!

જ્યાં મોટા પુરુષનું તત્ત્વ ભળે તે કામ કરે છે. આપણામાં સાક્ષાત્ પુરુષોત્તમનારાયણે સ્થાન લીધું તે સૌમાં કામ કરી રહ્યાં છે. હે પ્રભુ ! તમે કેવળ કૃપા કરી, દાખડો કરી મનુષ્યરૂપમાં પધાર્યા. કેવળ કૃપામાં મળી ગયા. હે પપ્પાજી ! તમે જેવા છો તેવા વહેલી તકે ઓળખાઈ જજો. જેમ તમે સંબંધવાળા પાસે દાસભાવે, રાંકભાવે જીવ્યા તેમ અમે તમારી રુચિ પ્રમાણે જીવી શકીએ તેવા બળ, બુદ્ધિ, પ્રેરણા સૌ સ્વરૂપો આપે એ જ પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** આજે દેવીબેનનો દ્રષ્ટાદિન. અનાદિના મુક્તો. ગુણાતીતાનંદસ્વામીની વાત પર જોગીમહારાજે સિક્કો માર્યો. એ જ અનાદિ મુક્તોને લઈને આવ્યા. બહેનો માટે જ્યોતિ, તારા, હંસા, દેવીને મૂકી દીધા. દરેકને દરેકની રીતે પ્રગતિ કરાવી. અત્યારે પાંખમાં રાખીને વૃત્તિથી સેવી રહ્યા છે. દેવીબેન તત્વ છે, વીજળી જેવા સંત છે. એમનો સંકલ્પ આપણને ટચ કરે. બહારથી દેખાય એવાં નથી. રમતિયાળ દેખાય છે તે સ્મૃતિ આપવા માટે. ને પછી અંતરમાં મિસાઈલ મૂકી દે એ. એમનું કાર્ય બોલે છે. આપણને અહંતા-મમતા રહિત કરી અંતર ટાઢું કરી દે છે. આપણું જતન સંકલ્પથી કરે ને જગતનું ચિંતવન ટાળી દે. એવાં દેવીબેન ભગવાન ધારક સંત છે. બધા જ બહેનો સુખે સુખે આગળ જાય છે. આપણે દેહભાવ મૂકી બ્રહ્મભાવમાં વિચરતા થઈશું તો એ રાજી થશે. વ્યાપકમાં દેવીબેનને જોતા થઈ જઈએ.

સંપ, સુહૃદભાવ, એકતા એ બાપાનો મંત્ર અને દીદી, દેવીબેનનો મંત્ર છે તો હળીમળીને રહેતા થઈ જઈએ. પ્રભુ મસ્તીમાં જ રહેતા થઈએ તેવી દેવીબેનના દ્રષ્ટાદિને પ્રાર્થના ને આશીર્વાદ.

અંતમાં, 'બ્રહ્માનંદી તેજ પર્વ'ના જયઘોષ સાથે સભાનું સમાપન કર્યું.

## તા.૩૦.૮.૨૦૨૫ – પ.પૂ.બેનના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી...

આવાહન શ્લોકથી આજની સભાનો આરંભ થયો. સભાનું સંચાલન કરતા પૂ.ડૉ.નીલમબેને પ.પૂ.બેનનું મહિમાગાન કર્યું કે, સાક્ષાત્ ગુણાતીત સ્વરૂપ પ.પૂ.બેનનો સાક્ષાત્કાર પર્વ. બ્રહ્મસ્વરૂપ પૂર્ણ સાધુ સ્વરૂપ વહાલા દિવ્ય શાંતાબેનનો સાક્ષાત્કારદિન.

દરેક માનવ ત્રણ ગુણો, ત્રણ અવસ્થામાં અખંડ જીવન જીવે છે. જ્યારે બેન સત્ત્વ, રજ, તમથી પર અને સદાયે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ ત્રણેય અવસ્થાથી પર પ્રભુની ભક્તિમાં જ જીવ્યાં છે.

ત્રણ ગુણ : **સત્ત્વ** તત્ત્વ તેમના રોમરોમમાં વહેતુ. પળેપળે તેઓ ભક્તિરૂપ જ ક્રિયામાં પ્રવર્તતા. સામાન્ય વિવેક, મર્યાદા સત્ત્વથી સભર હતી જ. જે પૂર્ણ સાધુતાનો પ્રકાશ રેલાવતી. નમ્રતા, રાંકભાવ, ગરજ, સેવાભક્તિની. વિધવા થયા ત્યારથી કોઈપણ પુરૂષ માત્રને સ્પર્શ ન કરવાનો નિયમ. નીચે ગાદલા વિના સૂવું. ચાતુર્માસ, એકાદશીના વ્રત, જપ, તપ અખંડ રહેતા. માથે ઓઢવું અને શ્વેત વસ્ત્રો જ ગ્રહણ કરતાં. બંગડી, ચાંદલો તો સ્વપ્નમાં પણ નહીં. સોના કે ચાંદીનો શરીર પર કોઈ રીતે ઉપયોગ નહીં.

**રજસ** : પૂર્ણ સાધુતાના ઓજસમાં શોભતા બેન સર્વગુણ સંપન્ન હોવા છતાંયે તેમની વિચાર, વાણી, વર્તનમાં ગંભીરતા, ખાનદાની, નમ્રતા અને રજસ માત્રનો કોઈ અવકાશ જ નહીં.

**તમસ** : પૂર્ણ સાત્વિકતાથી સજ્જ હોઈ જ્યાં મર્યાદા ચૂકાય, જ્યાં ભક્તિ ચૂકાય ત્યાં તેજસમાં પ્રવેશી જતાં અને તત્કાળ સમતામાં આવી જતાં. હશે-મરશે કરીને સુહૃદ ભજન જ. સાહજિક સાત્વિકતા એમાંથી પરાવાણી વહે જે કેવળ પ્રગટ-પ્રત્યક્ષના મહિમાગાન કરતી હોય. પ્રભુપ્રેમનો ઉછળતો મહાસાગર અને ભક્તિરસમાં અખંડ ડૂબેલા જ રહી જીવનની સર્વે ક્રિયાઓ કરતાં.

શાળામાં ગયા જ નથી એટલે શું ? અનેક જન્મોથી બ્રહ્મવિદ્યાના તજજ્ઞ હોઈ '...વણવિચારે રે વાતુ આવે એના અંતરથી... બોલે અહમ્ મમતાનું ઘસાતું રે...' સદા પ્રસન્ન રહેતા અને એનો પ્રવાહ તેમની ચારેકોર ઉછળતો જે નવા-જૂના કોઈપણ માનવને સ્પર્શતો અને તે ચૈતન્ય પ.પૂ.બેનની મૂર્તિમાં ખેંચાઈને તેમને આધ્યાત્મિક પ્રીતિ કરવા લાગે ! શાસ્ત્રોના ગૂઢાર્થ વિધવિધ દ્રષ્ટાંતો અને વાર્તા દ્વારા સમજાવતાં અને તે જીવ બ્રહ્માનંદની પળોમાં ઓગળી જતો.

આમ સમગ્ર સત્સંગ સમાજમાં નિષ્ઠાના બીજ રોપી, સૌને ભક્તિના મીઠાં ફળ લેતા કર્યા છે એવા ગુણાતીત સ્વરૂપ પ.પૂ.બેનના સાક્ષાત્કારદિનની ઉજવણી તા.૩૦.૮.૨૦૨૫ના રોજ સાંજની સભામાં પ.પૂ.દીદી, પ.પૂ.પદુબેન અને સ્વરૂપોના સાંનિધ્યે કરી. શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજીમહારાજ, પ.પૂ.બેનને પુષ્પહાર અને સ્વરૂપોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું. ગુણાતીત સમાજ વતી પણ પ.પૂ.બેનને ભાવાર્પણ થયાં. ત્યાર બાદ અનુભવદર્શન, મહિમાદર્શન માણ્યા અને સ્વરૂપોના આશિષ લીધા તેનો સાર માણીએ.

**ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ** : આપણે કેટલા બધા નસીબદાર છીએ કે આ સ્વરૂપોનો લાભ મળ્યો છે ! જગતની બુદ્ધિમાં આવે તેવી આ વસ્તુ નથી. પપ્પાજી આખો સાજ લઈને આવ્યા. અત્યારે આખી દુનિયાને ઐશ્વર્યો જોઈએ છે. જ્યારે બેન પાસે એવા ઐશ્વર્યો સહજ હોવા છતાં સાધુ થવાની ભાવના. આ ગુણાતીત સ્વરૂપો સિવાય ક્યાંય જોવા ના મળે.

એકવાર બહુ વર્ષો પહેલા બેન સુરત જ્યોતમાં પધાર્યા હતાં. દાદરા ચડતા હતાં. બાજુમાં રેલીંગ પ્લાસ્ટીકની હતી એટલે ભાર દે તો નમી જતી'તી. અડધે દાદરેથી પાછા વળીને મને કહે, 'ફરીવાર હું આવું ત્યાં સુધીમાં આ સરખી થઈ જવી જોઈએ.' રેલીંગ તો સરખી કરાવી દીધી. બેન ત્યાર પછી ઘણા વર્ષે ફરી પધાર્યા ને એ જ રીતે એ જ જગ્યાએ ઊભા રહીને મને થેંક્યું કહ્યું. આપણે તો ભૂલી પણ ગયા હોઈએ. પણ એમને યાદ હતું.

આ સ્વરૂપોની કૃપા છે તો આપણામાં નબળાઈઓ હશે પણ પ્રસંગો ઊભા કરીને તેઓ આગળ લે છે. બેન પણ એવા જ. એકવાર અમને બેને વચ.ગ.પ્ર.૭૪મું આખું વાંચીને સમજાવ્યું. હવે સમજાય છે કે આ આખા સમાજને પપ્પાજીએ તૈયાર કર્યો છે. કોઈને બીજી સંસ્થા જોડે સરખામણી નથી. અને આ જ અક્ષરધામની સભા મનાય છે. મારે મૂકવું છે તેવું મન થાય છે. બ્રહ્મનિયંત્રિત બ્રહ્મસમાજ દેખાય છે. હે પપ્પાજી ! હે બેન ! તમે કેટલો ભીડો સહન કર્યો છે ! સતત જાગ્રત રહી પપ્પાજીના કર્તાહર્તાપણા તરફ નજર રહે, અમારા વિચાર, વાણી, વર્તન ભક્તિરૂપ જ થાય તેવા બળ, બુદ્ધિ ને સામર્થિ આપો એ જ પ્રાર્થના.

**ગુણાતીત પ્રકાશ પૂ.કે.પી.ભાઈ :** પ.પૂ.બેનના પ્રથમ દર્શન ૧૯૬૩માં માણાવદરમાં કરેલા. અહીં આવ્યા બાદ બેનની ગાડી ચલાવવાની સેવા ઘણી મળી છે. એકવાર કચ્છ જતા હતા. મોરબી આરામ કર્યો. પાછા વળતા બેન કહે, આપણે મોરબી જવું છે. લક્ષ્મણબાપાને કંઈક આપવાનું રહી ગયું હશે. લક્ષ્મણબાપા સંભારતા હશે એ અવાજ બેને પકડ્યો. અમે ગયા તો બાપા એટલા રાજી થઈ ગયા. આમ કોઈ જીવ પોકારતો હોય ત્યાં બેન પહોંચે તે દર્શન થયું.

એકવાર હું બેનને લઈને અમદાવાદ ગયેલો. સભામાં હું ન આવ્યો. તો પપ્પાજીએ બોલાવ્યો ને પૂછ્યું. મેં કહ્યું કે આજે આવી રીતે બેનને લઈને ગયેલો ને કીર્તનઆરાધના હતી એટલે ન આવ્યો. તો પપ્પાજી કહે, બેન તો આ બેઠા છે સભામાં ! તું થાકી ગયો હોય તો અહીં સૂઈ જા. પપ્પાજીએ મને દર્શન કરાવ્યું કે બેન સભા ચૂકતા નથી ને તું થાકી ગયો ! આમ આપણને જાગ્રતતા આપી, રખોપું કરી, આગળ લીધાં જ કરે છે. એ તેમની કૃપા. તો આજે પ્રાર્થના છે કે બધા પાસે રાંકભાવે રહેવાય ને સેવા કર્યા કરું એ જ પ્રાર્થના.

**પૂ.ડૉ.નિસર્ગભાઈ બાવીસીએ** પોતાના અનુભવના પ્રસંગોની વાત કરતા કહ્યું કે અમે નસીબદાર કે બધાને દૂર દૂરથી આવે ત્યારે ગુરુહરિ, ગુરુના દર્શન મળે છે. અમે અહીં રહીએ છીએ તો ઘેર બેઠા દર્શન મળે છે. એકવાર હું ઘરેથી નીકળ્યો. ગાડી કાઢવા માટે સ્લાઈડીંગ ગેટ ખસેડ્યો ને પાટા પરથી ઉતરીને મારા પર પડ્યો. મેં બૂમ પાડી પણ કોઈ હતું નહીં. મોબાઈલ દૂર પડ્યો હતો. હું બેન, પપ્પાજી અને સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યો. ત્યાં મારા મમ્મી-પપ્પા બહાર આવ્યા. મારા પપ્પાનો એક્સીડન્ટ થયેલો ને બંને હાથમાં પ્લેટ મૂકેલી છે. જાણે તેમનામાં પપ્પાજીએ પ્રવેશ કર્યો હોય તેમ તેમણે એકલાએ આટલા વજનવાળો ગેટ ઊંચો કર્યો ને હું બહાર નીકળ્યો. બીજે દિવસે એ ગેટ ૨૦ માણસોથી પણ ખસતો નહોતો. ૨-૩ મહિનાની થોડી ફીઝીયોથેરાપી અને આરામ પછી હું પાછો નોર્મલ થઈ ગયો. આ પપ્પાજી, બેનની કૃપા.

બેનનો જપયજ્ઞ ૨૪ કલાક ચાલુ જ હોય. તેમાં ભક્તોને સુખેથી આગળ લઈ જાવ તેવું જ બેન માગતા ને પોતાના માટે તો જન્મોજન્મનો ભીડો જ માગતા. આવા ગુરુ મળ્યા તો આપણે કેટલા નસીબદાર !

**પૂ.કનીષભાઈ :** હું નસીબદાર છું કે સત્સંગી કુટુંબમાં મારો જન્મ થયો. બેનના દર્શન હું ખૂબ જ નાનો હતો ત્યારે મેં કર્યા છે તેની ઝાંખી મારા મનમાં છે. મારું પપ્પાજી અને બેન સાથેનું જોડાણ એવું છે કે, તેમણે મને મારી ઈચ્છાઓ કરતા પણ વધુ આપ્યું છે. થોડા વખત પહેલા મારી ૧૦માની પરીક્ષા હતી. આમ હું એવરેજ સ્ટુડન્ટ હતો. પરીક્ષા પહેલા હું નરવસ થઈ ગયો. સુરતમાં મેં રાજુભાઈ, સાગરભાઈને વાત કરી. તો તેમણે મને ગુણાતીત ધામમાં ધૂન કરવાનું કહ્યું. હું રોજ ત્યાં ૧૫ મિનિટ ધૂન કરતો. સાગરભાઈ પણ મારી સાથે ધૂન કરતા. મારું રીઝલ્ટ આવ્યું ત્યાં સુધી ધૂન ચાલુ રાખી ને સરપ્રાઈઝ કે મને ૯૧% આવ્યા. આ ૧૫ મિનિટની ધૂનથી ચમત્કાર થયો.

ખાસ તો નિષ્ઠા દ્રઢ થાય તેવી આજના દિને મારી પ્રાર્થના છે.

ત્યાર બાદ પૂ.નૈસર્ગીબેન રચિત 'તારી મૂર્તિ છે પ્રભુનું ધામ...' એ ભાવવાહી ભજન ગવાયું.

**પૂ.નીમુબેન સાકરિયા :** બેન ભક્તિનું સ્વરૂપ

છે. ખૂબ ખટકો, ગરજ અને માહાત્મ્યથી ભક્તિ કરી. બેનને આફ્રિકામાં જોયા છે. એકદમ ગંભીર. એમને બધા ભક્તોનું ખૂબ માહાત્મ્ય. કોને શું અગવડ છે તે તરફ નજર હોય. ૧૯૬૩માં તારદેવથી આવ્યા પછી ગંભીરતા જતી રહી ને ખૂબ પરભાવમાં રહેતા ને એટલો બધો ફુલારો હતો કે પપ્પાજી ને બહેનોનો મહિમા ગાયા વગર રહી નહોતા શકતા. બધાને ભગવાન આપ્યા. બધા પપ્પાજીને ઓળખી લે તેવી તેમની ધખણા હતી.

અહીં વિદ્યાનગર આવ્યા ત્યારે દીદી બાજુની રૂમમાં રહેતા. બેનને કથાવાર્તાનો ઈશક ખૂબ. દીદી કથા કરતા હોય તો બેનનું માહાત્મ્ય સમજીને તેમને ના પાડે તો બેન બહાર બેસીને સાંભળે. છેલ્લે સુધી સ્પીકરથી પણ સભામાં કથા થતી હોય તે સાંભળતાં એટલો ખટકો. ને બહેનોને પણ સભામાં જવાનો આગ્રહ રાખે. બધાને શીખવ્યું કે, પપ્પા જીવનમાં મુખ્ય રાખવા. પોતાના અંગે પોતાના દોષ જુવો. બીજાના દોષ ન જુવો એ શીખવ્યું. તો આજના દિને પ્રાર્થના છે કે, પપ્પાજી, બેનને અંતર્યામી માનીને જીવીએ, ભેખ લીધો તે પાર પાડીએ.

**પૂ.જાગૃતિબેન વિઠ્ઠલાણી :** બેન સાથેના સ્મૃતિપ્રસંગો વર્ણવતા વાત કરી કે – ૧૯૭૩માં મીનાબાએ બેનના દર્શન કર્યા ત્યારથી બેન અમારા ફેમીલી ગુરુ છે. બેને અમને ભરી દીધાં છે. ઈંગ્લેન્ડની ધરતી પર બધાને પપ્પાજીનું સ્વરૂપ ઓળખાવવું ખૂબ અઘરું હતું. અમે ત્યારે નાના હતા તો બેન અમારા જેવા થઈને રહ્યા. અમારી શિબિરો કરે, પીકનીક કરી. કોઈ દિવસ એ આટલા મોટા છે તે લાગવા નથી દીધું. પપ્પાજી અમારા જીવનમાં મુખ્ય કરી દીધા. બેન બહુ જ દયાળુ, કૃપાળુ. એમની દ્રષ્ટિમાં આવી ગયા. આ સ્વરૂપો હસતારમતા સાધના કરાવી રહ્યાં છે. બેન, પપ્પાજીએ અમારા જીવનમાં ખૂબ કામ કર્યું ને સુખિયા કર્યા છે.

દીદીને પ્રાર્થના કે તમે ખૂબ સાજા રહેજો ને સરસ દર્શન આપો એ જ પ્રાર્થના.

**પૂ.રસીલાબેન પટેલ – વલસાડ :** મારા સાસુ વિજયાબા મળ્યા તો ભેટમાં બેન મળી ગયા. બેને આજ્ઞા આપી કે, ગુરુવારની સભા કરો. મને તો કાંઈ આવડતું નહોતું. હું ને બા બે સભા કરતા. બેન પણ ખૂબ પધારતા. અમારું ઘર નાનું હતું પણ બેન અમારી સાથે રહેતા. વલસાડ મંડળ માટે બેને ખૂબ ભીડો વેઠ્યો છે. તો અમે પણ પપ્પાજીનું કાર્ય કરીએ અને બધી જ બહેનોને પરમ ભાગવત સંત બનાવજો એ જ પ્રાર્થના.

**પૂ.મિષ્ટી રતનપરા – પૂના :** નાની મિષ્ટીએ 'તમારી મૂર્તિ વિના મારા નાથ રે...' ભજન ગાયું. ને વાત કરી કે બેન મને બહુ ગમે. જ્યારે જ્યોતમાં જાઉં ત્યારે બેનના દર્શન કરવા જાઉં તો મને બહુ શાંતિ લાગે. જ્યોત મારું પહેલું ઘર છે. બહેનો મને બહુ ગમે છે.

**આશીર્દાન પ.પૂ.પદુબેન :** બેનનો મહિમા તો આપણને બધાને ખબર છે. આપણે બેન કે આ સ્વરૂપોના જીવનની વાત સાંભળીએ તો એટલો બધો ખપ, ગરજ, જાગ્રતતા છે. તે જોતાં એમ થાય કે આપણામાં તો કાંઈ નથી. એ જ પપ્પાજી ને સ્વરૂપો આપણને મળ્યા છે. તો ફેર ક્યાં પડ્યો ? બેનના જીવનમાં મૂળ જોઈએ તો જ્યારે જે સ્વરૂપ ને માન્યા, તેમનામાં જ રહ્યા. પોતાનું સાવ વિલિનીકરણ. એની જ ભક્તિમાં લયલીન રહ્યાં. સંપૂર્ણ શરણાગતિ. પોતાની કોઈ માન્યતા કે પેટર્ન ન રાખી. જ્યારે આપણને આપણી જાતનું જાણપણું રહે છે. બધા સ્વરૂપોની બેને કેવી ભક્તિ કરી ! ભેળસેળ હોય તો ભગવાન શું કહેવા માંગે છે તે નથી સમજાતું. બેનને જ્યારે જે આદેશ આપ્યો તે પાળ્યો. આટલી સામર્થિ હતી તોય આ ચાર સ્વરૂપો પાસે રાંકભાવે રહ્યા.

જીન્જામાં મંદિર કરવા માટે બેને ત્રણ વાર સેવા ભેગી કરી ને ત્રણેય વાર બાપાએ મંગાવી લીધી. તોય સ્વરૂપ માટે ત્રિકાળમાંય વિચાર ન કર્યો ને સાથ આપી દીધો. ફરી સેવા આવી ને મંદિરનું કામ પૂરું કર્યું.

બેનમાં ઐશ્વર્ય હતું છતાંય એમ વિચાર્યું કે હજુ કાંઈ ખૂટે છે. એ આ બાબુભાઈ પાસે મળશે. એકવાર નિષ્ઠા થઈ પછી જે કહ્યું તે કર્યું. ક્યાંય બેનની ભક્તિમાં

પોતાની જાત આગળ ના આવી. પપ્પાજીએ આપણને સૂત્ર આપ્યું છે કે સંબંધવાળામાં મહારાજ જુઓ. પણ તેમાં આપણી જાત આગળ આવી જાય. તેને લીધે સંપૂર્ણ શરણાગતિ નથી થતી.

બેનના જીવનમાં એકલા ભગવાન અને નિર્દોષબુદ્ધિ હતી. આપણને જે ગુરુ મળ્યા છે તેમની સાથેનું આપણું જોડાણ આવું છે ? પપ્પાજીએ જ્યારે બેનને કહ્યું કે, 'બેન, વરાળ થવું પડે.' તો એ વાત પર બેન મંડ્યા. પપ્પાજી એક જ વસ્તુ માગે છે કે સંબંધવાળામાં મહારાજ જુઓ. તો એ મારા જીવનમાં છે ? તે તપાસીએ. હું કેમ પપ્પાજીને લૂંટી ન શકું. મોટપ આવવા છતાં નમતી રહું, દાસભાવે રહું એ મોટપ છે.

બેને પપ્પાજી પાસેનો અસલી ખજાનો માગ્યો. આપણે પણ એ માગીએ. જેવા છો તેવા ઓળખાઈ જાવ. તમારા ભક્તોમાં હંમેશા તમારા દર્શન કરીએ. દીદીની જે ધખણા છે તેને સમજીએ. દેહે કરીને ભીડો પડવા છતાં પપ્પાજીનો મહિમા ગાવા માટે બેન સો વર્ષ રહ્યાં. સ્વરૂપો જે સીન્સીયારીટી રાખે છે તેવા આપણે થઈએ. આપણને જોઈને દીદીને આનંદ થાય તેવો આવતા વર્ષે એમનો સમૈયો ઉજવીએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** બધાએ બેનના અનુભવની વાત કરી. એ સાંભળી ખૂબ આનંદ આવ્યો. કેવા સ્વરૂપ બનવાનું, બેન કેવી રીતે બન્યા તે અમૃતઔષધ પદુબેને આપ્યું. તે આપણે પચાવીએ તેવી પપ્પાજી અને બેનને પ્રાર્થના.

**આશર્દાન પ.પૂ.બેન :** ભગવાન મળ્યા પછી બે હાથ જોડી એ કહે એમ કરીએ એમાં બધી સાધના આવી ગઈ. મન, બુદ્ધિ, ડહાપણ મૂકીને સાધના કરવી તે અઘરું છે. આપણે સમર્પિત થયા. કહે એમ કરવામાં ખૂબ સુખ છે. ભગવાન પાસે, સરખેસરખા પાસે મૂકી દઈએ તો વરાળ થઈ જઈશું. પોતાપણું મૂકાઈ જશે. વરાળે વિચાર કરવાનો હોય ? ભક્તિ કરવાનો જ અધિકાર છે. સાધુ જેવી કોઈ પદવી નથી. તેમાં જેવું સુખ છે તેવું બીજામાં સુખ નથી. મારી અંતરની ઈચ્છા હતી કે રુંવાડે રુંવાડે સાધુ બનવું છે. સાધુ એટલે વીજળી જેવા સંત. સદ્‌ગુરુઓ વરાળ બની જાય, જ્યોતના બહેનો પરમભાગવત સંત બને, ગૃહસ્થો અક્ષરધામનું સુખ ભોગવતા થાય. આ એક જ માંગણી રહે છે. ભગવાનના જે સંબંધવાળા છે તેને માટે પ્રાર્થના કરું છું.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** બેન સંકલ્પસિદ્ધ ગુણાતીત સ્વરૂપ. યુગાન્ડામાં બેન ભગવાન કહેવાતા. એ બેન સાધુ થવા અહીં આવ્યા. બાપાને પ્રાર્થના કરી. બેનનું આખું તંત્ર..... પોતે વરાળ બની ગયા ને ભગવાન ધારતા થઈ ગયાં ને અનંતને ભગવાન આપતા થઈ ગયાં.

સભાના અંતમાં સ્તુતિગાન દ્વારા ગુરુહરિ પપ્પાજીમહારાજ અને પ.પૂ.બેનને પ્રાર્થનાભાવ ધરીને સભાની પૂર્ણાહુતિ કરી.

## તેજસ્વી તારલાઓનું અભિવાદન

શ્રી ગુણાતીત જ્યોત મહિલા ટ્રસ્ટ તરફથી સામાજિક પ્રવૃત્તિ તરીકે તેજસ્વી તારલાઓને અભ્યાસમાં પ્રોત્સાહન મળે, તેમનો ઉત્સાહ વધે તેવી ભાવનાથી તેઓને તા.૩૦.૮.૨૦૨૫ના સન્માન કરી બિરદાવ્યા.

૧. પૂ.પવિત્રાબેન પ્રફુલ્લભાઈ ઉસદડિયા, સુરત
   બેચલર ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી
   ફર્સ્ટ ક્લાસ વીથ ડીસ્ટીન્કશન
૨. પૂ.ગીરાબેન અશોકભાઈ ગોધાણીયા, સુરત
   માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન
   ફર્સ્ટ ક્લાસ વીથ ડીસ્ટીન્કશન
૩. મૈત્રીબેન હિતેનકુમાર પંડ્યા
   બેચલર ઓફ એજ્યુકેશન
   ફર્સ્ટ ક્લાસ વીથ ડીસ્ટીન્કશન

આ ત્રણે મુક્તોને પ.પૂ.દીદી અને સ્વરૂપોના હસ્તે પ્રોત્સાહન ઈનામ, પ્રમાણપત્ર તેમજ સ્મૃતિ ભેટ અર્પણ થયા. સમાજમાં પ્રગતિ અને વિકાસ માટે શિક્ષણ એ જરૂરી પ્રેરકબળ છે. તે અનુસંધાને આ મુક્તોનું અભિવાદન કર્યું હતું. આ તેજસ્વી તારલાઓની કારકિર્દી વધુ ઉજ્જવળ બને અને ઉચ્ચ સ્તરે પહોંચે તેવી શુભકામનાઓ સાથે ખૂબ ખૂબ અભિનંદન.

## તા.૩૧.૮.૨૦૨૫ – ગુરુહરિ પપ્પાજીમહારાજના ૧૦૯મા પ્રાગટ્યદિનની ઉજવણી...

આજના મંગલદિને સૌ પ્રથમ ગુરુહરિ પપ્પાજીમહારાજે મહામાનવની સાધના કરતા સાધકો માટે ઈ.સ.૧૯૭૬માં ૨૬મી સપ્ટેમ્બરે 'સંજીવની મંત્ર' આપ્યો એ સ્મૃતિ સાથે **સભાના પ્રારંભે ગુરુહરિ પપ્પાજીમહારાજના નિવાસસ્થાન પ્રભુકૃપા તીર્થધામે ગ્લાસ પર અંકિત કરેલા 'સંજીવની મંત્ર'નું ઉદ્ઘાટન પ.પૂ.દીદીના વરદ હસ્તે થયું.**

આ શુભારંભ બાદ ગુણાતીત જ્યોત, પપ્પાજી હૉલમાં ગુરુહરિ પપ્પાજીમહારાજના ૧૦૯મા પ્રાગટ્યદિનની ઉજવણી પ.પૂ.દીદી અને સ્વરૂપોના સાંનિધ્યે આવાહ્ન શ્લોકથી શરૂ કરી. સભા સંચાલક પૂ.હેમંતભાઈ મોદીએ માહાત્મ્યવંદના કરતા કહ્યું કે,

સપ્ટેમ્બર મહિનાની પહેલી તારીખ અને ભાદરવા વદ – ૬ એટલે ગુરુહરિ દિવ્ય પપ્પાજીમહારાજનો પ્રાગટ્યદિન. આ વર્ષે ૧૦૯મો પ્રાગટ્યદિન ઉજવીએ છીએ. One Zero Nine એટલે પહેલી સપ્ટેમ્બર.

સપ્ટેમ્બર મહિનો એ આમેય દરેક ધર્મ, સંપ્રદાયોના વ્રત, ઉત્સવો અને તહેવારોનો મહિનો. સપ્ટેમ્બર મહિનામાં માનવ ઉત્થાનની અનેક ઘટનાઓ બની છે. જેને લીધે સપ્ટેમ્બર મહિનાના ઘણા દિવસો વિશેષ દિવસો તરીકે ઉજવાય છે. World letter writing Day, International Day of Democracy, International Day of Charity, International Day of Peace, International Literacy Day, Teacher's Day. આમ સપ્ટેમ્બર મહિનામાં ઘણા બધા દિવસો આવા વિશિષ્ટ દિવસો તરીકે ઉજવાય છે.

૧૯મી સદીમાં, ઈ.સ.૧૮૯૩ની સપ્ટેમ્બરની ૧૧મી તારીખે ભારતના મહાન સંત સ્વામી વિવેકાનંદે અમેરિકાની ધરતી પર પશ્ચિમી દેશોને ભારતના સનાતન હિન્દુ ધર્મ અને વેદાંતના સિદ્ધાંતો પર ઉદ્બોધન કરીને પશ્ચિમી દેશોને ભારતીય હિન્દુ સંસ્કૃતિ વિશે ઉજાગર કર્યા. સ્વામી વિવેકાનંદે માનવજીવન માટે ઘણા ઉદ્બોધન કર્યા છે. તેમાંનું એક સ્લોગન છે, "They alone live who live for others, the rest are more dead then alive." જેનો ગુજરાતી અર્થ થાય કે 'જેઓ બીજા માટે જીવે છે તે જ જીવે છે. બાકીના લોકો જીવંત કરતા મૃત વધુ છે.'

જ્યારે આપણા સૌના ગુરુહરિ પપ્પાજીમહારાજ 'He lived His entire life for others without self existence. પોતાના અસ્તિત્ત્વનો છેદ ઉડાડી સમગ્ર જીવન અન્યને અર્થે જ જીવ્યા.

આવા પપ્પાજીમહારાજને ગોષ્ટિમાં પૂછાયેલી એક વાત કે,

એક સાધકે પપ્પાજીને પૂછ્યું, 'પપ્પાજી તમારા જીવનમાં સૌથી વધુ આનંદની પળ કઈ ? પપ્પાજી કહે, 'સામાની અનુવૃત્તિ પ્રમાણે વર્તવું તે.' દાદુભાઈને ભણાવ્યા તેનો આનંદ. દાદુભાઈ પૈસા વાપરે એનો મને આનંદ આવે. હું ઓછા ખર્ચુ ને મને આનંદ આવે. પછી તે સાધકને કહે, For you I can do anything. હું તમારા માટે બધું કરવા તૈયાર છું.

આવા ગુરુહરિ પપ્પાજીમહારાજને જીવંત રાખવા છે અને એ જીવંત તો જ રહી શકે જ્યારે એમની અનુવૃત્તિ પ્રમાણે આપણે જીવન જીવીએ. એમના આવિર્ભાવને પામ્યા હોય એવા મુક્તો આ પૃથ્વી પર હંમેશા હોય. જેમ હજારો વર્ષો પહેલા રચાયેલા વેદોને ઋષિમુનિઓએ એમના સંતાનોને કંઠસ્થ કરાવ્યા. એ એમની પછીની પેઢીએ કંઠસ્થ કર્યા. એમ પેઢી દર પેઢી કંઠસ્થ કર્યા પછી લખાણની શોધ થઈ ત્યારે પત્થર પર, ધાતુ પર અને પછી કાગળ પર સાકાર રૂપ પામ્યા. એમ હજારો વર્ષો પહેલા રચાયેલા વેદો જો જીવંત રહી શકે તો શું ગુરુહરિ પપ્પાજીમહારાજ જીવંત ના રહી શકે ? જરૂર રહી શકે. એ માટે એમના આવિર્ભાવને પામવું પડે.

આવિર્ભાવને પામવું એટલે એ જે સંત હોય એણે આપેલા જીવનના સત્યો, બોધ એમણે કરેલા કાર્યો આ

પંચભૂતના દેહના ચૌદેય લોકમાં સાંગોપાંગ વણાયેલા હોય, સમગ્ર તંત્રમાં વ્યાપ્ત થયેલા હોય એ. પછી તે સ્ત્રી કે પુરુષ કોઈપણ સ્વરૂપે હોઈ શકે. આ સ્વરૂપો પ.પૂ.દીદી, પ.પૂ.પદુબેન, પૂ.મધુબેન, પૂ.શોભનાબેન. આ ભાઈ સ્વરૂપો અને આ સભામાં બેઠેલા ઘણા મુક્તો એવા પપ્પાજીમહારાજના આવિર્ભાવને પામીને જીવન જીવી રહ્યાં છે.

એવું આપણે ને પછીની પેઢીઓ પપ્પાજીના આવિર્ભાવને પામીને જીવન જીવીએ તો પપ્પાજીમહારાજ જીવંત રહે. એક જીવતો જાગતો મુક્ત પપ્પાજીમય થઈ જીવન જીવતો હશે તો જ તે બીજાને પપ્પાજી આપી શકશે.

એવા પપ્પાજીને અનંત વર્ષો સુધી જીવંત રાખવા માટે પ.પૂ.દીદીને પ્રાર્થના કરું છું કે, તમને સરફેસ લેવલ પર ભગવાન છે. અને આપના સંકલ્પ પ્રભુ પપ્પાજી સાકાર કરે છે. તો આપના જેવું પપ્પાજીમય, પપ્પાજીના આવિર્ભાવને પામેલું જીવન અમારા સૌનું અને ભવિષ્યમાં આવનાર મુક્તોની પેઢી દર પેઢીમાં સનાતન બને અને અનંત વર્ષો સુધી પપ્પાજીમહારાજને જીવંત રાખી શકીએ એવો સંકલ્પ કરી ધન્ય કરશોજી.

આ પ્રાર્થનાભાવો બાદ અમદાવાદના બાળ કલાકાર પૂ.દિવ્યકુમારે પ્રભુ પ્રાગટ્યનો આનંદ 'આ ચરણ અહીં અવનિએ...' ભજન પર નૃત્ય દ્વારા વહાવ્યો.

ત્યાર બાદ ગુરુહરિ પપ્પાજીમહારાજના ૧૦૯મા પ્રાગટ્યપર્વે પૂ.ઈલેશભાઈ, ધવલભાઈ, પૂ.રંગતભાઈના નેતૃત્વ નીચે બાળકલાકારો તથા પપ્પાજી ગ્રુપના કિશોર, યુવક મંડળે ગુણાતીત સમાજની ચાર પાંખમાં પપ્પાજીના યુગકાર્યની મહિમાવાન સુંદર સંવાદ નાટિકા 'ગુણાતીત સમાજના ધ્વજની ગરિમા...' ટૂંકમાં પ્રસ્તુત કરી. સભાના કાર્યક્રમને બ્રહ્માનંદમય, મહિમાસભર બનાવી, સૌના અંતરમાં પપ્પાજીના કાર્યને હૃદયવંદના કરતા ગુણાતીતસમાજની સુહૃદભક્તિને બિરદાવતા આનંદભાવો છલકાવી દીધા.

મુમુક્ષુ બાળ કલાકાર જયકુમારને ગુણાતીત ધ્વજ વિશે ઉદ્‌ભવતા પ્રશ્નોના ઉત્તરમાં અનુક્રમે સંતો, ભાઈઓ, ગૃહસ્થો ને વ્રતધારી બહેનોના પ્રતીકરૂપે ચાર રંગ અને તિલક-ચાંદલાના પ્રતીકની સમજૂતી આપી કે, ગુણાતીતભાવ એટલે 'કોઈનો અભાવ લેવો નહીં.' એની લક્ષ્મણરેખારૂપ તિલક છે. ને ચાંદલો શ્રીજીમહારાજ આપણા જીવનના મધ્યમાં સૂર્યરૂપે છે જે પપ્પાજીરૂપે આપણને પ્રાપ્ત થયા છે.

તેમજ ગુરુહરિ પપ્પાજીમહારાજની પ્રેરણાથી ગુણાતીત સમાજનો ધ્વજ કઈ રીતે અસ્તિત્વમાં આવ્યો તે દર્શન કરાવ્યું. ગુણાતીત સમાજની ચાર પાંખ પોતપોતાના સ્વધર્મમાં રહી સંપ, સુહૃદભાવ, એકતાથી મહારાજ ને ગુણાતીત સ્વરૂપોની પ્રસન્નતાર્થે જીવન જીવે છે એ માહાત્મ્યની ઝાંખી કરાવી.

આમ રસપૂર્ણ પ્રસ્તુતિ સાથે 'પપ્પાજીનો વિજયધ્વજ ગગનમાં લહેરાવીએ...' એ નૃત્ય દ્વારા ગુરુહરિ પપ્પાજીમહારાજ, પ્રત્યક્ષ સ્વરૂપો અને પ.પૂ.દીદીને પ્રસન્ન કરી લેવા હાં હાં ગડથલ કરી. ત્યાર બાદ ચારેય પાંખ વતી ભાવાર્પણ, મહિમાગાન થયા અને સ્વરૂપોના આશિષ લીધા તેનો સાર માણીએ.

**પ.પૂ.વિજ્ઞાનસ્વામી :** સ્વામિનારાયણ ભગવાન પૃથ્વી પર આવ્યા ત્યારથી એમના જોગમાં આવી ગયા હોઈશું. આ દેહે કરીને આપણને જોગ થઈ ગયો. પોતે મંત્ર આપી કૃપા કરી. એમના વારસદારો સાથેની આપણી ઓળખાણ થઈ. જેમ જેમ એમનું જ્ઞાન પચતું ગયું તેમ તેમ આત્માની ઉત્ક્રાંતિ થઈ. સંબંધવાળામાં મહારાજ જુઓ. એ સહેલુ નથી પણ પપ્પાજીએ આપણને એવી કક્ષાએ મૂક્યા. જોગીમહારાજે પપ્પાજીને સાક્ષાત્કાર કરાવ્યો. એમને જે આપણી પાસે વર્તાવવું છે તેવું આપણે વર્તવું છે. કર્તાહર્તા દરેક પ્રસંગે મનાય એવું કૃપાથી થાય છે. તો જ આપણને આટલી સમજ પડી. આપણાથી જેટલું વર્તાય છે તે તેમની કૃપા છે.

એકવાર ૯મી સપ્ટેમ્બર સ્મૃતિદિનનો સમૈયો સાંકરદા ચાલતો હતો. હું દર્શને ગયો. કેક કર્તન કરવાનું હતું. પપ્પાજીએ મને ને ભક્તવત્સલ ને બોલાવ્યા. કેકની છરી મારા માથા પર ફેરવી. મારી આંખમાંથી પાણી જાય ને અંતરમાં કંઈક થવા લાગ્યું. મારા જે

નેગેટીવ વિચાર હતા તે બધા પપ્પાજીએ પોઝીટીવ કરી દીધા. એ ૩-૪ મિનિટમાં જીવન પોઝીટીવ કરી દીધું. સુહૃદભાવથી જીવન જીવતો કરી દીધો. આ કાર્ય પપ્પાજી જ કરી શકે. અભાવમાંથી બહાર કાઢી નાંખ્યો. આ છે પપ્પાજી.

આ સમાજની સેવા કર્યા કરું, બધે પપ્પાજીના દર્શન કર્યા કરું તેવું કરી આપો એ જ પ્રાર્થના.

**ગુણાતીત પ્રકાશ પૂ.વિરેનભાઈ :** પપ્પાજીએ નવતર પ્રયોગ કર્મયોગી સાધુ ભાઈઓનો કર્યો. ૧૯૬૭માં પપ્પાજીએ નેકટાઈ સાધુ બનાવ્યા. ધન્ય છે અનુપમ મિશનના ભાઈઓને તેમણે એ પ્રયોગ સફળ કર્યો. ડૉક્ટર સાહેબના દર્શન કર્યા છે. તેમના ટેબલ પર પાછળની સાઈડ સૂત્ર રાખેલું : 'નિષ્કામ કર્મનો બદલો કાં દેહભાવનું દર્શન, કાં અંતરની શીતળતા' એ પ્રયોગ પપ્પાજીએ સંસ્થાના માળખામાં કર્યો.

બીજા ફાલને સંસ્થાના માળખા વગર જે જ્યાં છે ત્યાંથી પપ્પાજીની દ્રષ્ટિમાં હોય તેને આગળ લઈ જાય. આ અનુભવ ગુણાતીત પ્રકાશના ભાઈઓએ કર્યો.

મારું કાંઈ ભગવાન ભજવાનું નક્કી નહોતું. તેમણે ખપ ઉગાડ્યો. ને જેમ જેમ મન તૈયાર થયું તેમ તેમ જ્યાં હતો ત્યાં આગળ લેતા ગયા. પ્રસંગ એ જ ઉભા કરે. ને મારી શું ભૂલ તે પ્રાર્થના કરી નોંધાવે ને મૂકાવે. આધ્યાત્મિક પ્રયોગ પપ્પાજીએ માથે ઉભા રહીને કર્યો. સુરેશભાઈને કર્મયોગ કરવાનું કહ્યું. તે માટે અદાને કહ્યું કે તમે મદદ કરજો. પપ્પાજી કહે તારી બેલેન્સ શીટ તારે મને બતાવવાની. મને ય પૂછતા કે કેવું ચાલે છે? ત્યારે નો'તી ખબર પડતી પણ હવે સમજાય છે કે એ મારું પૂછતા હતા. હું તો તેમને કંપની કેવી ચાલે છે તે જણાવતો હતો. એકવાર મેં જણાવ્યું કે આટલું પ્રમોશન થયું છે ને હવે આ લોન આપણને મળી શકે. ત્યારે એ એક સેવા એમણે કરાવી. મને કહે લોન લઈને મને આપજે. ને ત્યાર પછી પ્રસંગ બન્યો ત્યારે ખબર પડી કે તેમણે જે સેવા કરાવી તેના ફળ સ્વરૂપે તેમણે બળ આપ્યું.

નિલેશભાઈ પહેલા એસ્સાર કંપનીમાં કર્મયોગ કરતાં. દરેક કંપનીમાં એક વિજિલન્સની ટીમ હોય. જે કંપનીમાં ક્યાંય કરપ્શન હોય તો શોધી કાઢે. કંપનીએ એ ટીમને પૂછયું કે, જેમ તમે કરપ્શન શોધી કાઢો છો એમ કોઈ ઓનેસ્ટ વ્યક્તિ હોય તો તમને ખબર પડે ? એવું કોઈ છે ? તો એમણે નિલેશભાઈનું નામ આપ્યું. ને એમને અપગ્રેડ કર્યા. એમ કર્મયોગે પપ્પાજીનો પ્રકાશ ફેલાવ્યો.

પપ્પાજીને કોઈ દિવસ બાહ્ય ઝાકમઝોળ નથી જોઈતી. એકવાર સાઉથની ટ્રીપમાં ટાઈમટેબલ બધું સ્પીડમાં ચાલતું હતું તો મને મનમાં થયું કે, પપ્પાજીનો લાભ મળતો નથી. ઉટી નાની ટ્રેનમાં બેસવાનું હતું. પપ્પાજી એકદમ અમારી પાસે આવ્યા. અમે તો બધા આઘાપાછા થઈ ગયા. અમે કહ્યું કે પપ્પાજી, અહીં બેસો તો સીનેરી સરસ દેખાય. પપ્પાજી કહે, કાર્યને શું જોવાનું ? કારણને જ જોઉં ને ! ને હરિભક્તો દેખાય તેમ બેઠા...

તો આજના દિને સૌ ભાઈઓ વતી પ્રાર્થના છે કે, પપ્પાજીને જે ગમે છે તેમ જ અમારી ક્રિયા થાય તેવું સૌ સ્વરૂપો બળ આપજો.

**પૂ.ડૉ.રવિભાઈ વરમોરા :** અહીં બેઠેલા દરેકને પપ્પાજીના કંઈક તો અનુભવ થયેલા છે. મેં દર્શન નથી કર્યા. ડૉ.પ્રીતિબેનના સંપર્કમાં આવ્યા પછી અનુભવ કર્યો છે. ૨૦૨૧માં અમે અમારા પુત્રના જન્મની રાહ જોતા હતા. ને ખબર પડી કે બાળકમાં ખોટ હોય તેવું લાગી રહ્યું છે. મેડમના માર્ગદર્શનથી ઘણી તપાસ કરાવી. તકલીફ લાગતી હતી. એ ટાઈમે એવી સ્થિતિ કે કંઈ નક્કી કરવું જ પડે તેમ હતું. કાંઈ આશા નહોતી દેખાતી. અમે પ્રીતિબેન સાથે દેવીબેનને મળ્યા. એમણે મારા વાઈફને ગળે લગાડી કહ્યું કે, 'કાંઈ નહીં થાય. પપ્પાજી છે ને.' અમને એકદમ શાંતિ થઈ ગઈ. એ પછી અમે બધો ટાઈમ પ્રાર્થના કરતા ગાળ્યો. ને બધું સકુશળ થયું. પપ્પાજીની કૃપાથી બધું આજ સુધી સરસ છે. બીજા પણ ઘણાં અનુભવો પપ્પાજીએ કરાવ્યા છે.

**પૂ.હિતેશભાઈ ભટ્ટ :** ૧૯૭૯થી અમે જ્યોતના સંબંધમાં છીએ. મારા પત્નીની વી.એસ. હૉસ્પિટલમાં

જ્યોતના બહેનો સાથે ઓળખાણ થઈ.

મેં પપ્પાજીના પ્રથમ દર્શન પ.પૂ.સાહેબદાદાનો સમૈયો હતો ત્યારે કર્યા. ત્યાં ઘણાં બધા સંતો વચ્ચે પપ્પાજી બેઠેલા ને એકદમ જ કંઈક જુદા તરી આવતા હતા. ૧૯૯૪માં સેવા માટે આવેલો. પપ્પાજીના દૂરથી દર્શન થતા હતા. પણ લાગે કે એ ક્યાંક બીજે છે અહીં નથી. મેં એમણે લખેલું જ્ઞાન વાંચ્યું. એમણે લખેલું છે કે શાંતિ બહારથી નથી મળતી. અંતરમાંથી મળે છે. એકવાર પપ્પાજીને પૂછ્યું તમે શું વિચારો છો ? તો પપ્પાજી કહે, હું કશું જ નથી વિચારતો. આ એક બ્રાહ્મી અવસ્થા છે. હંમેશા વર્તમાનમાં રહો. વિચારોથી ભરેલું મન શાંતિ નથી આપતું. દરેક કાર્ય કરતાં પહેલા પપ્પાજીને યાદ કરો. પપ્પાજીની મને ઘણી અનુભૂતિ થઈ છે.

**પૂ.ડૉ.વીણાબેન :** પપ્પાજી એક એવું દિવ્ય તત્ત્વ કે જેણે બહેનોને સંતની પદવી આપી, ભગવા વસ્ત્ર આપ્યા. ગુણાતીત સમાજની રચના પપ્પાજી, કાકાજી, બા થકી થઈ. બહેનોમાં જ્યોતિબેન, તારાબેન, હંસાદીદી અને દેવીબેને શૂરવીરતાથી આ માર્ગ મોકળો કર્યો. પપ્પાજીએ તો એટલી ક્રાંતિ કરી કે અમારા જેવાને ભગવા વસ્ત્રો આપીને કર્મયોગ પણ કરાવ્યો. પપ્પાજીની કેવી તાકાત ને દિવ્યતા હશે! જેટલા બહેનોએ કર્મયોગ કર્યો ને કરે છે તેઓએ પપ્પાજી અને ગુણતીત જ્યોતનું નામ ઉજાગર કર્યું. તે શક્તિ પપ્પાજીની હતી.

પપ્પાજીએ તો ખૂબ અદ્‌ભુત કાર્ય કર્યું છે. અત્યારે જોઈએ તો દરેક ક્ષેત્રમાં બહેનો પપ્પાજીની મદદથી જીતી જાય છે. ૩૬ વર્ષના પપ્પાજીને આ કાર્ય સોંપ્યું તે બાપા ય કેવા ને પપ્પાજી ય કેવા ! ૨૮મીએ વિમુખ કર્યા ને ૧લી જૂનના ૫૧ બહેનોને વ્રત આપ્યું. એમનો કેટલો પાવર હશે ! આ જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેન આ લોકના નથી. આટલી નાની ઉંમરમાં પપ્પાજીને ઓળખ્યા ! આ સ્વરૂપો પપ્પાજીના વચનથી જુદું જીવ્યાં જ નથી. પોતાનું સમગ્ર પપ્પાજીમાં ઓગાળી દીધું. એ પપ્પાજીનો આવિર્ભાવ આ ચારે બહેનોએ કર્યો. ને એટલે જે પપ્પાજીની તાકાત તે એમની થઈ. ને એમણે ડંકો વગાડ્યો ને અમારા બધાના જીવમાં પપ્પાજીને ઓળખાવી દીધાં. પપ્પાજીની રીતે અમે જીવીએ તે રીતે જતન કર્યું.

અમને માન-મોટપમાં માલ ન મનાવ્યો. પપ્પાજીનું કાર્ય સફળ ગયું. પપ્પાજીની તો ખૂબ જબરજસ્ત તાકાત ! પપ્પાજીએ બાપાની આજ્ઞા શિરોધાર્ય કરી. આ ચાર ગુરુઓ અને બીજા ગ્રુપે પણ એટલો જ શ્રમ કર્યો. એ ઋણ અદા કરવા અમારું બધું મૂકી દઈએ. દીદી તમે અમારા બધા માટે સંકલ્પ કરો કે પપ્પાજીની રીતિનીતિ ૧૦૦% અમારા બ્લડમાં આવી જાય. તેમની રીતે તેમનું કાર્ય કરીએ અને આખો સમાજ સુખી થઈ જાય તેવી કૃપા કરજો.

**પૂ.શોભનાબેન :** દરેક સમૈયામાં પપ્પાજીનું ને સ્વરૂપોનું માહાત્મ્ય મળતું જ રહે છે. એ પચાવીએ ત્યારે એનું સુખ આવે. જોગીબાપાનો ઉપકાર માનીએ એટલો ઓછો છે. આવા ગુણાતીત સ્વરૂપ પપ્પાજીની ભેટ આપી ! એમને ખબર હતી કે આ આશ્રિતોને મારા જેવા સુખિયા કરવા છે. આવા કળિયુગમાં આવું કોણ આપી શકે ? પપ્પાજીએ વરદાન માંગ્યું કે સુખ, શાંતિ, આનંદે ભજે. જેની એવી સામર્થિ હોય તે જ કરી શકે.

પપ્પાજી-કાકાજી પર કેસ થયો ત્યારે પપ્પાજીએ બાપાને પૂછ્યું આ હૈયામાં તમારા સિવાય કાંઈ વાસના છે ? તો બાપાએ કહ્યું, 'કોઈ વાસના નથી.' પપ્પાજી કહે, તો મારે શું કરવાનું છે ? બાપા કહે, 'હાથ હલાવતા હલાવતા જાવ ને આવો.' ને જોઈએ તો અનંતની રક્ષા થઈ ગઈ. પપ્પાજી એવી સામર્થિવાળા. આવા સ્વરૂપોએ પોતે કાંઈ નથી એવું ૨૪ કલાક રાખ્યું. પોતાનું અસ્તિત્વ જ નો'તું. દિવ્યતાનો પુંજ હતો. આપણા માટે નિષ્કામ સંકલ્પ કર્યો. બહારની કે અંદરની માયા અડે નહીં. જે જન્મોનો વડગાળ વળગ્યો છે તે નિર્મૂળ કરી આપે એવા સ્વરૂપોની પ્રાપ્તિ થઈ છે. એવા ગુરુઓ મળ્યા છે. હવે એમને ઓશિયાળા ના કરીએ.

એકવાર માધવચરણસ્વામી પપ્પાજી પાસે નિષ્કપટ થયા. પોતે પ્રયત્ન કર્યા હશે પણ મનુષ્યભાવ ટળ્યો નહીં. પપ્પાજી માર્મિક હસ્યા ને કહે, 'તારા સિવાય બાપાને કોઈ હેરાન નથી કરતું.' કર્તાહર્તા બાપા જ છે. આમ ખરેખર આપણને આપણું જ નડે છે. તે આવા ગુરુઓ સમજાવે છે. પપ્પાજીના બળે આપણો આ જંગ જીતી જઈએ. આ જોગ, આવા સ્વરૂપો, આ સેવા મળી છે તો આપણે આપણી માયાથી પર થઈ જઈએ. એ પપ્પાજીનું કાર્ય દીદીને કરાવવું છે. કેવળ પપ્પાજી પપ્પાજી... તુંહી તુંહી... કરતું થઈ જાય. પપ્પાજીનું વરદાન મારા જેવા સુખિયા કરીશ તે અમારા જીવનમાં સાકાર થાય તે પપ્પાજી અને સ્વરૂપોને પ્રાર્થના.

**પૂ.રતિભાઈ (અનુપમ મિશન) :** પપ્પાજીના જીવનકાર્યની આપણને ખબર છે. ૧૯૬૬થી ૧૯૮૬ સુધી પપ્પાજીના સાંનિધ્યે રહ્યા. એ ૨૦ વર્ષના ગાળામાં પપ્પાજીને રાજી કરવાના ઘણા પ્રસંગો બન્યા. એકવાર પપ્પાજી ને બા પોતાના સોફા પર બિરાજેલા. પપ્પાજીએ પૂછયું કે સાહેબ જમી ગયા ? બા કહે શું કામ હતું ? પપ્પાજી કહે જ્યોત ઉપર ત્રીજો માળ કરવો છે. જો રતિભાઈ આ જવાબદારી લે તો કામ શરૂ કરીએ. બાએ સાહેબને વાત કરી. સાહેબ બોલ્યા કે ચોક્કસ કરશે. ને કામ શરૂ થયું. આપણા નસીબ કે આપણા માથે મોડ મૂક્યો. સેવા આપી, વિશ્વાસ મૂક્યો. આમ ૨૦ વર્ષ સુધી બહેનોની સેવા મળી.

શરૂઆતની વાત છે. અક્ષરવિહારીસ્વામી સાંકરદા સ્થિત થયા. લાંભવેલ પાસે ગૌશાળા માટે જમીન લેવાની વિચારણા ચાલી. કામકાજ શરૂ કર્યું પછી તકલીફો થવા માંડી. સ્વામી પપ્પાજી પાસે આવ્યા. પપ્પાજી બોલ્યા રતિભાઈને સોંપીએ. સત્પુરુષોની કૃપા કે ગરજુ થયા ને તક આપી. ટાણે સેવા કરી તો સુખિયા થઈ ગયા.

દીદીને પ્રાર્થના કે તમારી પ્રાર્થનામાં અમને સમાવજો. અમે સૌ અનુપમ મિશનના ભાઈઓ સાહેબદાદાને રાજી કરીએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.પદુબેન :** આપણા માટે બહુ જ મોટો ને આનંદનો દિવસ. પપ્પાજી કહેતા એમ પૂર્વે એમની સાથે હોઈશું તો આ જન્મે મફત મળી ગયા. પપ્પાજીના જીવનચરિત્રમાં બધા શાસ્ત્રોનો સાર છે. દરેક પ્રસંગે એમનું વર્તન આપણને સૂઝ પાડે. એકેએક પ્રસંગ વાગોળીએ તો બધું જ જ્ઞાન મળી રહે. દિવ્યાબેનની ભક્તિ એવી કે પપ્પાજીએ જીવનચરિત્ર સ્વહસ્તે લખ્યું ને એ ભેટ મળી.

આટલી બધી સામર્થિ, દૈવત હોવા છતાં પપ્પાજી કેવા છૂપા રહ્યા ! હું કાંઈ નથી તે ભૂમિકાનું દર્શન કરાવ્યું. સત્પુરુષને રાજી કરવાની ધખણા રાખી તેમને દિવ્ય ને અંતર્યામી માનીએ તો પ્રત્યેક પળે વિચાર આવે કે મારી જગ્યાએ પપ્પાજી હોય તો શું કરત ? પપ્પાજીનો કેવો ભાવ હોત ? પપ્પાજીની કેવી દ્રષ્ટિ હોય ? આપણને જવાબ મળી જાય કે ભક્તિરૂપ વાણી હતી કે નહીં. જેમની પાસે આધ્યાત્મિક પ્રાપ્તિ હોય એ જ આવા છૂપા રહી શકે. નહીં તો ક્યાંક તો અસ્મિતા દેખાઈ જ જાય. હું પણ કાંઈક છું તે પ્રદર્શન થઈ જ જાય. સહેજ ઊંચા સાદે બોલાય, અણગમો થાય ત્યારે વિચાર કરીએ. આપણા ભગવાનને તો કોઈ અણગમો, અકળામણ, ચીડ-ગુસ્સો નથી. મને આ વસ્તુ થઈ ત્યાં હું એમનાથી જુદી પડી. કાર્યનું વર્તન આવું ન હોય. એકલું વચનામૃત કે સ્વામીની વાત પ્રમાણે જીવવાનું હોત તો અઘરું પડત. પણ કૃપા કરી એમણે જીવીને બતાવ્યું. સ્વરૂપનું બળ લઈ દોષની કબૂલાત કરે તો એમની તાકાતે એ કરાવશે. પપ્પાજીનું કાર્ય શું તે વાત કરી શકાય પણ જેમ મોટા થઈશું તેમ એમ લાગશે કે પપ્પાજીની શક્તિ હજુ આટલી જ નથી.

આપણે પોતે પપ્પાજીને રાજી કરવા હોય તો આપણે પ્રાર્થના કરી અનુભવ કરવા પડે. મારે પણ એ દિવ્યતા માણવી છે તો ગરજ રાખવી પડે. એમને અંતર્યામી માની સાથે રાખીએ તો ખૂબ મઝા આવશે.

દુનિયામાં ટેકનોલોજી વધી છે. AIથી કેટલું બધું થાય છે ! રોબોટ પણ બધા કામ કરે છે પણ એ ટેક્નોલોજી નાનો એવો દોષ નહીં ટાળી શકે. એ આ સત્પુરુષ પાસે જ ટળે. પપ્પાજીના વર્તનમાં ક્યાંય હું કાંઈ છું તેવું જોવા મળ્યું નથી. આટલી સામર્થિ હોવા

છતાં પણ ડીસીપ્લીન અને દાસત્વભક્તિથી જ જીવ્યા. તેમની જેમ એક સેકન્ડ પણ મારું મન નીરવ રહે છે? સમતામાં રહેવાની સૂઝ રહે છે ? એ નીરવતા આપણામાં લાવીએ. પપ્પાજીને કાલાવાલા કરીએ. રાંકભાવે દિલની સચ્ચાઈથી બોલીએ તો એ કરી જ આપશે. પળેપળ સમગ્ર તંત્રમાં એમનું પ્રાગટ્ય કરીએ એવો બુદ્ધિયોગ આપે. સાચા સાધુ થઈ તેમનું કાર્ય બનીએ, સ્વરૂપોને રાજી કરી શકીએ તે જ પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** સ્વામીની પ્ર.૧લાની ૧લી વાત પ્રમાણે યોગીમહારાજના મહિમાની વાતો કરવી ને સાંભળવી. એમની દ્રષ્ટિમાં આવ્યા, આપણું કામ પૂરું. એકવાર ધબ્બો ખાધો હવે એનો ચાર્ટ એકાંતિક બનવા સુધીનો દોરાઈ ગયો. દેહભાવ જશે ત્યારે આ જ સભા અક્ષરધામની મનાશે. કેવળ એકાંતિકનો સંકલ્પ કામ કરતો લાગશે. દેહભાવ હોય ત્યાં સુધી મૂલ્યાંકનો થાય. મહારાજ તો અનંત રીતે ભજાવે છે. આ ચૈતન્ય સ્વરૂપો છે. સત્પુરુષોનો સંબંધ થયો ને ! એ રીતે જોવું. સંબંધ છે, પ્રગતિ કરતું ચૈતન્ય. નથી તો કાળ, કર્મ, માયાને આધીન. યોગીમહારાજ રાજી થાય જો સંબંધવાળામાં નિર્દોષબુદ્ધિ રાખીએ તો. ભક્તિ વગરનો વિચાર ઊઠે એ વ્યભિચાર. લય ને લીન મહારાજમાં રહેવાનું છે. સૌ સંપીને રહે, માહાત્મ્યનો વિચાર કરે તે અક્ષરધામ. સામો ખોટો છે તેમ કહે તે નિગુર્ણધામ. મહારાજ ચાલવા દેતા હશે તેવું માનવું. વઢવેડ ન હોય તે અક્ષરધામ. મહારાજે કદી કોઈ જોડે વઢવેડ કર્યા વગર પોતાનો પંથ ચલાવ્યો છે. નેગેટીવ નહીં પોઝીટીવ લઈએ. મનને ડસ્ટબીન શું કામ બનાવીએ ? આપણું મૂકી દઈએ. મૂકી દે એ મોટો, પકડી રાખે એ ખોટો. તો ધ્યેય તરફ જાગ્રતતા રાખી, અક્ષરધામરૂપ રહેતા થઈએ એ જ પ્રાર્થના આશીર્વાદ.

**આશીર્દાન પ.પૂ.દીદી :** સર્વને ખૂબ ધન્યવાદ. કેટલી શાંતિ ને ગરજથી બધા બેઠા છે ! પપ્પાજીના ૧૦૯મા પ્રાગટ્યપર્વના બધાને જય સ્વામિનારાયણ.

અંતમાં ગુરહરિ પપ્પાજીમહારાજના ૧૦૯મા પ્રાગટ્યનો જયઘોષ કરી સભાનું સમાપન કર્યું.

### પ્રભુ પ્રાગટ્યે પ્રેરણા - પ્રાર્થિત હૃદયે...

★ મારે શ્વાસે ઉચ્છશ્વાસે
ઓ હરિ તારું રટણ રહો !
★ મારા અધીર મનડે પળેપળે
ઓ હરિ તારું ભજન-મનન વહો !
★ મારા ચકોરે ચિત્તડે નિશદિન
ઓ હરિ તારું સુખદ્ ચિંતન માણું !
★ મારા ખુલ્લા-બંધ નયને ક્ષણેક્ષણે
ઓ હરિ તારી પુનિત મૂર્તિ પ્રગટે !
★ મારા અંતર નયને નિરંતર
ઓ હરિ તારું સ્મિતલ દર્શન રહો !
★ મારા હૃદયે ઉમટે આતમપ્રીતિ
ઓ હરિ ઝંખના જાગે પૂર્ણ સમર્પણ કરવાને !
★ મારા આતમ મહીં ઉમટે પ્રાર્થનાધોધ
ઓ હરિ અહમ્ ટાળી બનાવ અક્ષર !
★ મારા આત્મસખા તવ સંકલ્પે
ઓ હરિ બનવું મારે સાધુ ગુણાતીત !
★ મારા પ્રાણાધાર, તુજ સંબંધે વિલસે
ઓ હરિ ગરજુ થઈ સેવા ભક્તિ થાયે !
★ આત્મપ્રાણ પ્રભુ ધખણા નિત્યે
ઓ હરિ તવ દાસાનુદાસ બનાવ !
★ ઓ પરમાનંદી ચેતના
ઓ હરિ તવ સંબંધે થાયે ભક્તિરૂપ કાર્ય અખંડ !
★ મારા આનંદઘન રસઘન નાથ !
ઓ હરિ તારી પ્રસન્નતાની બનુ પ્યાસી !
★ મારા જીવનપ્રાણ રક્ષક
ઓ હરિ ભક્તવત્સલ, નિહાળુ સૌમાં તુને !
★ મારા ચિદાકાશે વિહારનારા
ઓ હરિ સંબંધ માત્રે થાય સૌ મહીં તવ દર્શન !
★ મારા દિવ્યાતીત દિવ્ય આત્મસાથી
ઓ હરિ નીરવ સભરતા મુજ ઘટઘટમાં ઉમટે !
★ મારા સંકલ્પ ને ભાવ ક્રિયાને નાથનારા
ઓ પ્રભુ બક્ષજે મુને ગુણાતીત સાધુતા !
★ મારા જન્મોજન્મના સંગી પપ્પાજી !
ઓ હરિ ! નિષ્ઠા રહો અડગ એકાંતિકી.

## તા.૧.૯.૨૦૨૫ – ગુરુહરિ પપ્પાજીમહારાજના ૧૦૯મા પ્રાગટ્યદિનની સભા...

આવાહન શ્લોકથી સભાનો પ્રારંભ કર્યો. શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજીમહારાજ, પ.પૂ.દીદી તેમજ સ્વરૂપોનું પુષ્પહાર અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું. ત્યાર બાદ મહિમાગાન અને આશિષ લીધા તેનો સાર માણીએ.

પૂ.ડૉ.નીલમબેને શ્રીજીમહારાજ અને સ્વરૂપોની પોતે માનસી કરે છે તેની સ્મૃતિ કરાવીને વાત કરી કે, પપ્પાજીએ ૧૧મે વર્ષે સંસારમાં ઝંપલાવ્યું એ વખતે કેટલી ગરીબી હતી ! અહીં વિદ્યાનગરની ગરમી એ.સી. પણ નહીં. ભીનો ફેંટો બાંધે. કેવી ગરમી સહન કરી ! જેમ નીલકંઠ વર્ણીએ ભારતમાં વન વિચરણ કર્યું તેમ બહેનોને ભગવાન ભજાવવાનો કંટકભર્યો માર્ગ પપ્પાજીએ સ્વીકાર્યો. પળેપળ દરેક વસ્તુમાં સામાનો આભાર માનીએ તો ભગવાને જે આપ્યું તેની વેલ્યુ સમજાય. એવા ભાવમાં મનને રાખીએ તો કોઈનો અભાવ જ ન આવે. આપણે પપ્પાજીના સિદ્ધાંત પ્રમાણે જે મળ્યું છે તેને માટે આભાર ને ઋણ ચૂકવવાનું છે.

દીદી રોજ કહે છે : એકાંતિક ધર્મ સિદ્ધ કરી લઈએ. એકાંતિક ધર્મ એટલે સમર્થ થકાં ઝરણા કરવાં એ. પપ્પાજીએ કેટલા સુહ્રદભાવે મારા માટે સંકલ્પ કર્યો હશે કે આનો બધો મનુષ્યભાવ ટળી જાય ને મારા જેવી સુખી થાય! એવું જ આ બધા ગુરુઓ કરે છે. આપણને બધાના અંતર્યામીપણાના અનુભવ છે. પ્રસંગે બુદ્ધિથી વિચારીને નિર્દોષબુદ્ધિ રાખી દઈએ પણ એ આધ્યાત્મિક સમતા ન કહેવાય. પહેલું પગથિયું દિવ્યભાવ, બીજું નિર્દોષબુદ્ધિ, પછી આધ્યાત્મિક સમતા. મને જે પ્રત્યક્ષ મળ્યા છે તે જ બધું કરાવે છે. કેવળ પ્રત્યક્ષ પ્રભુનો મહિમા. જ્યારે નિર્દોષબુદ્ધિ તૂટે ત્યારે વિચારો સ્ટોપ કરીને ધૂન કરીએ પણ આધ્યાત્મિક સમતા જલદી ન આવે ત્યારે મૂર્તિ સંભારીએ તો બળ મળી જાય.

સત્પુરુષ જ્યારે પ્રગટ હોય ત્યારે એમની ક્રિયા તો સ્મૃતિ માટે હોય. કાર્ય તો એમનો સંકલ્પ કરે છે. આવા સમયે વિચારીએ કે, એમના સંકલ્પને મારામાં કાર્ય કરવામાં મારું શું આડું આવે છે ?

પપ્પાજીની તો શું વાત કરવી ? અત્યારે આપણને નિરાકાર કરવા સર્વમાં સાકાર થાય છે. તે અહોહોભાવ રાખીએ તે સાચો પ્રાગટ્ય પર્વ ઉજવ્યો કહેવાય. પપ્પાજીને જોઈએ તો દરેક બાબતમાં આધ્યાત્મિકતા ને સમતા. હવે જાગ્રત થયા પછી આપણું જીવન સભાન રાખીએ. પપ્પાજીની મૂર્તિ પાસે રાંકભાવે કાલાવાલા જ કરવાના. મને સ્પંદન થયું તે મારો દોષ.

આ બધા પપ્પાજીના સ્વરૂપો છે. તેમનું અંતરથી માન રાખીએ. તેમને ગમે તેટલા પ્રસંગો, તકલીફો આવી તોય આનંદવિભોર રહ્યાં છે ને રહે છે. પપ્પાજી ને આ સ્વરૂપો એવું જીવ્યાં છે. દ્રષ્ટારૂપે બેસવું તે વાત તો ક્યાંય નથી. તે મનાઈ જાય ત્યાર પછીનું વિશ્વ જ જુદું થઈ જાય. ૧લી સપ્ટેમ્બર એટલે વિશ્વ શાંતિદિન કહેવાય છે. પપ્પાજી આપણા આત્માના વિશ્વમાં શાંતિ પ્રગટાવવા પ્રગટ્યા છે.

આપણને આ જે તક મળી છે તે વાગોળીએ. બધામાં કર્તાહર્તા પપ્પાજી છે. મારે જ સમતા, ગરજ રાખી ભજન કરવાનું છે. તે કરવાનું બળ મળે એ જ પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** ૧લી સપ્ટેમ્બરના બધાયને જય સ્વામિનારાયણ. સવારના પ્રાત: મુહૂર્તના તમારા બધાય મનોરથ મહારાજ પૂરા કરે. આપણે ક્યાં રહેવાનું ? ચિદાકાશમાં. આપણે બધાએ પળેપળ અક્ષરધામરૂપ રહી મૂંઝવણ, વિક્ષેપ, અભાવમાં જવા અસમર્થ બની જવું છે. સ્વરૂપમાં લય ને લીન રહેવું છે. હું અક્ષરમુક્ત છું તેવો કેફ રાખવો. આત્માનો ગુણ આનંદ. આપણે બસ આનંદમાં રહેવું છે. ઝીણી ઝીણી બાબતમાં મૂંઝાવ છો ત્યાં એની મૂર્તિનું ચિંતવન કરી ચૈતન્યસ્વરૂપ બની જઈએ. ગુણાતીત સ્વરૂપનું ચિંતવન કરશો તો મૂંઝવણ, વિક્ષેપ, અભાવમાં જવા અસમર્થ બની જશો. આપણે જ્ઞાન–ધ્યાનમાં અહંતા–મમતામાં પડ્યા છીએ. એ જૂના પાશ છે. તે ધોવા સૌને ભગવાનના સ્વરૂપ માની સેવા કરો ને ભજન કર્યા કરો.

**આશીર્દાન પ.પૂ.દીદી :** પપ્પાજીએ કહ્યું કે આત્માનો ગુણ આનંદ. આપણે આનંદ કરવો છે. ૨ દિવસ આપણે ઉત્તમ સમૈયા કર્યા. બેન પોતે ભણ્યા નહોતા. પણ મારે ભગવાનને પામવા છે એમ થઈ ગયું. પપ્પાજી કોઠારી હતા ત્યારે બેને એકવાર સેવા મોકલી ત્યારે પપ્પાજીએ સંકલ્પ કરેલો કે, આ બેન જોગીબાપાને ઓળખી લે. બેન બાપા સાથે જાત્રા કરતા મુંબઈ આવ્યા. ત્યારે બાપાએ કહ્યું હવે સોનાબા પાસે જજો. આમ સોનાબા, તારાબેન, જ્યોતિબેનના સમાગમે બેન આપણને મળ્યા.

આજે પપ્પાજીનો પ્રાગટ્યદિન. આપણા માટે સ્વામિનારાયણ ભગવાન અને જોગીમહારાજે શ્વેત વસ્ત્રધારી ગૃહસ્થ સ્વરૂપ પપ્પાજીને આપ્યા. તારાબેન, જ્યોતિબેન, હંસાબેન, દેવીબેનને મનાઈ ગયા. એ શ્વેત વસ્ત્રમાં સામાન્ય દેખાતા પપ્પાજીમહારાજનો આ ગુણાતીત સમાજ બેઠો છે. આપણે એનું કાર્ય છીએ. ત્યાગી–ગૃહી બધા જ. પ્રાપ્તિ કરવા ગરજ રાખવી છે. નહીં કરીએ તો ખોટ આપણને છે. પામવા માટે વચન પાળવું પડે છે. ધાર્યું મૂક્યા પછી ને મૂકતી વખતે પણ આનંદ હોય તે પરિસ્થિતિમાંથી બધા પસાર થઈ રહ્યા છીએ. હું પપ્પાજીનું કાર્ય છું. મારાથી મૂંઝવણ, વિક્ષેપ, અભાવમાં જઈ જ ન શકાય. પપ્પાજી આપણી સાથે પિતા, મિત્ર ને સ્વરૂપ તરીકે પણ રહ્યાં છે. મનમુખી કર્યું હોય તો અંતરમાં એ બોલે જ. નિષ્કપટ ન થઈએ ત્યાં સુધી હળવાશ ન થાય. આપણે અંતર ભગવું કરવું છે. પગલે પગલે ભગવાનનું સુખ માણવું છે.

આપ સર્વને પપ્પાજીના પ્રાગટ્યદિનના ભાવ નીતરતા જય સ્વામિનારાયણ.

## પ્રભુકૃપા તીર્થધામે અન્નકૂટ ઉત્સવ

આજે ૧લી સપ્ટેમ્બર પ્રભુ પ્રાગટ્યના આનંદમાં પ્રભુકૃપા તીર્થધામે અન્નકૂટ ઉત્સવ કર્યો હતો. ગુરુહરિ પપ્પાજીમહારાજના પ્રાગટ્ય સમયે સાંજના પાંચ વાગ્યે પ.પૂ.દીદી અને સ્વરૂપોના સાંનિધ્યે અન્નકૂટ દર્શન બાદ થાળ, આરતી અને કેકકર્તન થયા.

ત્યાર બાદ પ.પૂ.દીદીએ આશીર્દાન આપ્યા કે, આ પ્રભુકૃપા એ એક તીર્થધામ છે. આ તીર્થધામને જીતુકાકા સતત સતત જીવંત રાખે છે. એક પળ પણ સ્મૃતિ વગરની રાખતા નથી. આજે પપ્પાજીમહારાજનો પ્રાગટ્યદિન. આમ તો અન્નકૂટ દિવાળી પર હોય. પણ ૧લી સપ્ટેમ્બરે પપ્પાજી પ્રગટ્યા એટલે આનંદ આનંદ હોય. એટલે આપણા માટે તો દિવાળી જ. અન્નકૂટમાં વિધવિધ ૩૫૧ વાનગીઓ છે. બધી વાનગીઓ પ્રસાદીની થઈ ગઈ.

તો હે પપ્પાજીમહારાજ ! આ પ્રસાદ જે જે હરિભક્તો જમે, જીવજંતુ ખાય તો તે બધાયને તમારું સ્વરૂપ ઓળખાઈ જાય તેવી કૃપા કરજો. જય સ્વામિનારાયણ.

ત્યાર બાદ ભાઈઓએ અન્નકૂટ દર્શનનો લાભ લઈ થાળ, આરતી કર્યા.

## કીર્તન આરાધના

કીર્તન આરાધનાની સભાનું સંચાલન કરતાં પૂ.ડૉ.નીલમબેને ગુરુહરિ પપ્પાજીમહારાજના પ્રાગટ્યની તેમજ સપ્ટેમ્બર માસમાં આવતા ઉત્સવોની સ્મૃતિઓ કરાવી. ને ગાયકવૃંદે સૌને કીર્તનોમાં લય કરી સભર સભર કરી દીધાં.

ત્યાર બાદ પ.પૂ.દીદીએ આશીર્દાન આપ્યા કે, આજે પપ્પાજીમહારાજનો ૧૦૯મો પ્રાગટ્યદિન. કીર્તનો સાંભળ્યા. આનંદ આનંદ થઈ ગયો. પપ્પાજીની કૃપા અનહદ છે. કૃપામાં જ આપણું જગત ખેરવી નાખ્યું. પપ્પાજી આપણા આરાધ્ય છે. તેમનું મનન ચિંતન કરવાથી, સ્મૃતિ કરવાથી અંતરમાં સુખ અનુભવાય છે. આપણે ભગવાનના ભક્તો છીએ. તેમની પ્રસન્નતા સિવાય કોઈ વિચાર જ ન હોય તેવા આપણે થવું છે. વ્રતને વફાદાર રહેવું છે. તેમને જે આપવું છે તે પાત્રતા લેવા માટે આપણું ઘડતર કરી રહ્યાં છે. જેમ વાહ વાહ ભજનમાં આવ્યું કે 'હીરો મુખ સે ના કહે લાખ હમારા મૂલ...' તેમ આપણે એવું જીવીએ કે વર્તન જ બોલે. જીવનમાં પપ્પાજીનું સ્થાન મોખરે રહે તેવી પ્રાપ્તિ કરવી જ છે હં. સૌને પ્રભુ પ્રાગટ્યદિનના બહુ બહુ ભાવભર્યા જય સ્વામિનારાયણ.

## Report of Blood Donation Camp

The blood donation camp was organized by Shree Gunatit Jyot Mahila Trust, Vallabh Vidyanagar on Sunday, 31st August 2025, at Pragati Mandal Hall, Vallabh Vidyanagar, with the support of A.D.Gorwala Blood Bank, Karamsad.

The camp was inaugurated at 2.00 p.m. with offering of garland & prayers to Shree Thakorji by two of our spiritual leaders, P.Savitaben Gogari and P. Jashvantiben Desai. We received blessings from them for smooth conduction of the whole programme.

A team 11 members of qualified doctors, nurses, and volunteers from A.D.Gorwala Blood Bank, Karamsad managed the blood collection process. They ensured proper medical facilities, registered donors, and conducted quick health screenings for suitability. Health checks were provided to ensure each donor's safety. The camp continued up to 5.30 p.m., with a steady yet staggered stream of donors throughout.

Our haribhaktos, Gunatit Jyot sisters and Gunatit Prakash brothers willingly donated blood. The atmosphere was one of enthusiasm and service. Donors were provided with refreshments, incentives and received appreciation certificates as a token of gratitude. 75 units of blood were collected.

Our trust has been religiously organizing blood donation camps every year. Blood donation camps are important because they save lives by providing a vital, life-sustaining resource that cannot be manufactured, support emergencies and chronic illnesses, foster a sense of community and social responsibility, raise awareness about donation, provide donors with health screenings, and encourage a culture of compassion and altruism. These camps ensure a steady, safe supply of blood through voluntary donors, which is essential for countless medical procedures and treatments. Donation of blood is very critical and crucial for saving lives of many patients and those who have met with accidents. It is as such a great service & contribution to the society and people living in it.

The blood donation camp was a resounding success, achieving its objectives of collecting a significant amount of blood and raising awareness about this noble cause. The event highlighted the community's commitment to helping save lives.

Shree Gunatit Jyot Mahila Trust expressed their sincere thanks to the hospital for its invaluable support and the donors for their generous contribution, promising to continue such meaningful initiatives.

## બ્રહ્મલીન

**★ મૂળ કાંદિવલી મંડળ હાલ વિદ્યાનગરના અત્યંત નિષ્ઠાવાન જૂના જોગી પૂ.હીરાબેન પોપટભાઈ મહેતા તા.૧૪.૮.૨૦૨૫ના અક્ષરનિવાસી થયાં છે.**

કાંદિવલી મંડળના અનન્ય ભક્તરાજ પૂ.હીરાબાએ



પૂ.વિમળાબેન મોદીને સેવાથી ખૂબ સાથ આપ્યો. ૩૧ વર્ષથી ગુણાતીત જ્યોત, વલ્લભ વિદ્યાનગરમાં ગુરુહરિ પપ્પાજીમહારાજ, ચૈતન્ય જનની પ.પૂ.જસુબાની નિશ્રામાં રહી, સેવા સમાગમનો લાભ લઈ ૯૩ વર્ષની વયે પ્રભુકૃપાથી પ્રભુના ચરણે બિરાજમાન થયાં.

પૂ.હીરાબા નાનપણથી હોંશિયાર હતાં. એમના વખતમાં પણ તેઓ સાત ધોરણ ભણ્યા હતાં. જેથી અંગ્રેજી પણ વાંચી શકતા. વારસામાં ભક્તિના બીજ મળ્યા હતા તેથી પ્રભુએ પોતાની પાસે લેવા એવા નિષ્ઠાવાન હરિભક્તોનો પાડોશમાં અને જોગ આપ્યો. પોતે ખૂબ ઉદ્યમી. ઘરની પરિસ્થિતિને અનુરૂપ કરકસરથી જીવન જીવ્યાં. અને જે કોઈ આજીવિકા માટે ગૃહઉદ્યોગ મળ્યો તે કરી, ખાનદાનીથી જીવ્યા. પૂ.પોપટભાઈ અને ત્રણેય બાળકોને પ્રભુભક્તિમાં જોડ્યા. અને તે માટે પ.પૂ.જસુબેનનું સતત જતન પામ્યાં. પ્રેમ અને પ્રાર્થનાથી જ દરેકને સાથ આપ્યો. પોતે નિર્વાસનિક હતા તેથી એકના એક દીકરા પૂ.ભરતભાઈની રુચિ સમજી, ગુણાતીત સ્વરૂપ પ.પૂ.કાકાશ્રીના ચરણે ધર્યા. ક્યારેય પોતાના સ્વાર્થનો વિચાર ન કર્યો. બંને દીકરીઓ પૂ.કલ્પુબેન અને પૂ.ભાવનાબેનને પણ ગુરુહરિ પપ્પાજીમહારાજના કાર્યમાં ભેળવવા, બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવા ગુણાતીત ગુરુ પ.પૂ.તારાબેન અને પ.પૂ.જસુબેનના ચરણે ધર્યા. જેઓ પોતાના ગુરુની વફાદારીથી પ્રભુનું કાર્ય પ્રભુની રીતે કરી રહ્યા છે. પૂ.હીરાબા ખૂબ માહાત્મ્યથી, સેવકભાવે, યથાર્થ સ્વરૂપનિષ્ઠાથી સમર્પણભાવથી જીવ્યાં. આધ્યાત્મિક પુસ્તકોનું વાંચન, દર મહિને પ્રકાશિત થતી ગુણાતીત જ્યોતની પત્રિકાનું વાંચન, ભજનો સમજપૂર્વક ગાવા એ તેમનો નિત્યક્રમ રહ્યો.

જ્યોતમાંથી જે કોઈ તેમની આવડત પ્રમાણેની સેવા મળી તે મહિમાથી અને ખંતથી કરી. ક્યારેય કોઈનો અભાવ લીધો નહીં પણ જરૂરિયાતે અન્યને અભાવમાંથી પાછા દિવ્યભાવમાં લાવવાની છૂપી સેવા કરી. પ.પૂ.પપ્પાજીમહારાજ અને પ.પૂ.જસુબાની સંપૂર્ણ વફાદારી રાખી એક જાગ્રત સાધક તરીકે જીવન જીવ્યાં. બધા જ સ્વરૂપોનો મહિમા સમજ્યા અને કૃપા પામ્યાં.

ધન્ય છે આવા સમગ્ર પરિવારને અને આવાં ભક્તિસ્વરૂપા પૂ.હીરાબાને અમારા અંતરના કોટિ કોટ વંદન સાથે ભાવાંજલિ.

**★ સાંકરદા કેન્દ્રના સંત સ્વરૂપ પૂ.અક્ષરપ્રિયસ્વામી તા.૨૬.૮.૨૦૨૫ના અક્ષરનિવાસી થયા છે.**

મુંબઈ કાંદિવલીના પૂ.શારદાબેન હીરાભાઈ



ઠક્કર નિષ્ઠાવાન મહામુક્ત. મુંબઈમાં સંતોની સેવા કરી સ્વરૂપોની કૃપાદ્રષ્ટિ પામ્યા. ગુરુહરિ પપ્પાજીના મુખે તેમની પરાવાણીમાં પૂ.શારદાબેન હીરાભાઈનું નામ સાંભળવા મળ્યું છે. તેઓના ત્રણ દીકરા. ને ત્રણે દીકરા પૂ.યોગેશભાઈ, પૂ.અર્જુનભગત, પૂ.બિપીનભાઈને સાધુતાના માર્ગે વાળી દીધા. તેમાંના નાના દીકરા પૂ.બિપીનભાઈ કે જેમણે ગુણાતીત સ્વરૂપોની સંનિધિમાં સાંકરદા તીર્થધામે ભાગવતી દીક્ષા લીધી ને અક્ષરપ્રિયસ્વામી તેવું શુભ નામ પામ્યા.

ગુરુહરિ પપ્પાજીમહારાજ તેમજ પ.પૂ.અક્ષરવિહારી સ્વામીજીની આજ્ઞામાં રહી, તેમનો ને સંતોનો રાજીપો પ્રાપ્ત કરતા રહ્યા. તેઓમાં વિધ વિધ પ્રકારની કલાઓ હતી. આવડત હોંશિયારીનો ઉપયોગ સત્સંગની પ્રવૃતિઓમાં કર્યો. સાંકરદા મંદિરના વિધ વિધ પ્રકારના વિભાગોમાં સેવાઓ કરી સ્વામીજી અને ગુરુજીનો જમણો હાથ બની રાજીપાનું પાત્ર બન્યા. નાના મોટા કોઈપણ કાર્યમાં તેમની હાજરી હોય જ. દરેક સેવામાં અગ્રેસર રહેતા. તેઓમાં સૌ સાથે મેળાવીને કામ લેવાનો વિશિષ્ટ ગુણ હતો. જેથી દરેક કાર્યો પાર પડતાં. સાંકરદા કેન્દ્રના યુવાનો સાથે દિવ્ય મિત્રતાથી તેઓ પ્રભુના સિદ્ધાંતે જીવે તેવું જતન કર્યું છે. મહિમાથી સેવા કરતા કર્યા છે. અનેકને ભગવાન આપીને ભગવાનમાં જોડ્યા છે. સ્વામીજી, ગુરુજીના સ્વધામગમન

પછી તેઓ સાંકરદા મંદિરના આધારસમ હતા. તેઓ જવાબદાર બનીને રાત-દિવસ જોયા વિના મંદિરના વ્યવહાર કાર્યોમાં રત રહ્યાં ને જન્મોજન્મનું પુણ્યનું ભાથુ બાંધી લીધું. ટૂંકી પણ મોટી બીમારીમાંય દેહાતીત રહ્યા. પ્રભુમાં મગ્ન રહ્યા થકા પ્રભુ સાંનિધ્યે બિરાજી ગયા. એવા અક્ષરપ્રિયસ્વામીને અનંત વંદન સાથે અંજલિ અર્પણ કરીએ છીએ.

**પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...**

**★ રાજકોટના નિષ્ઠાવાન પૂ.હંસાબેન ઈશ્વરભાઈ મણિયાર તા.૧૨.૮.૨૦૨૫ના અક્ષરનિવાસી થયાં છે.**

ગુરુહરિ પપ્પાજીમહારાજ તથા પ.પૂ.તારાબેન સંબંધિત થાનગઢના પૂ.ચંપાબા અને પૂ.મગનબાપાના પૂ.હંસાબેન દીકરી થાય. તેમના થકી મળેલો આધ્યાત્મિક વારસો હંસાબેને તન, મન, ધનથી સેવા કરીને સાચવ્યો. પોતાના પુત્ર અને પુત્રીને પણ તે જ વારસો આપ્યો. હંસાબેનના બે બહેનો



પૂ.તરૂલત્તાબેન અને પૂ.શ્રુતિબેન તથા બે ભત્રીજીઓ પૂ.નેહલબેન, પૂ.દિવ્યાબેન ગુણાતીત જ્યોતમાં ગુરુહરિ પપ્પાજીની નિશ્રામાં ભગવાન ભજે છે.

હંસાબેનના કુટુંબીજનોને ખૂબ બળ મળે તેવી ગુરુહરિ પપ્પાજીમહારાજ, પ.પૂ.તારાબેન અને સૌ સદ્‌ગુરુ સ્વરૂપોના ચરણે પ્રાર્થના.

**★ વ્યારાના નિષ્ઠાવાન મહામુક્ત પૂ.મહેન્દ્રભાઈ સોની તા.૧૨.૮.૨૦૨૫ના અક્ષરનિવાસી થયા છે.**

પૂ.મહેન્દ્રભાઈ પરિવારમાં સૌથી મોટા. તેઓ પૂ.શોભનાબેન ઓઝરકરના ભાઈ. પોતાની બહેન થકી એમને ગુરુહરિ પપ્પાજીમહારાજ અને પૂ.તરૂબેનનો જોગ થયો. મહેન્દ્રભાઈ વ્યારા નગરપાલિકાના ચીફ ઓફિસર હતા. સત્સંગમાં આવ્યા પછી એકદમ આંતરિક રાંકભાવ અને વફાદારીથી



જીવ્યા. એમણે નોકરીમાં પણ વફાદારી રાખી. જ્યાં જ્યાં બદલી થઈ ત્યાં પોતાના જીવનથી પ્રભુનો સંદેશ વહાવ્યો. તેમનું વર્તન સામી વ્યક્તિને સ્પર્શી જતું. દિવ્યતા લાગતી. તેમના સંબંધમાં આવનારને ગુરુહરિ પપ્પાજીમહારાજ અને પ.પૂ.તરૂબેનની ઓળખ કરાવી. ગુણાતીત જ્યોતનો મહિમા ગાઈને સત્સંગનો જોગ આપ્યો.

જગતની દ્રષ્ટિએ મોટા ગણાતા પરંતુ પૂ.તરૂબેનની આજ્ઞાનું અનુસંધાન રાખીને જીવ્યા છે. ઘણા નાના-મોટા પ્રસંગો આવ્યા પણ નિષ્ઠામાં ક્યારેય ડગમગાટ કે ઓટ આવી નથી. એમના આખા પરિવારને તરૂબેનનો જોગ આપી પોતે પુણ્યનું ભાથું પ્રાપ્ત કરી, જીવન ધન્ય બનાવ્યું. એવા મહેન્દ્રભાઈને અંતરથી અંજલિ અર્પણ કરીએ છીએ. તેમના સૌ કુટુંબીજનોને ખૂબ ખૂબ બળ મળે એ જ પ્રભુ ચરણે પ્રાર્થના.

**★ અમદાવાદના પરમ ભક્ત પૂ.રાજુભાઈ ચેલાણી તા.૧૮.૮.૨૦૨૫ના અક્ષરનિવાસી થયા છે.**

ખૂબ જૂના અને નિષ્ઠાવાન ભક્તરાજ પૂ.રાજુભાઈ તથા તેમના પત્ની પૂ.રાજેશ્રીબેન નરોડા જ્યોત શાખાના પાડોશી. ગુરુહરિ પપ્પાજીમહારાજ અને પૂ.તરૂબેનની આજ્ઞામાં રહી સમર્પિતભાવે જીવન જીવી સનાતન પુણ્યનું ભાથુ ભેગું કર્યું. નરોડા મંડળમાં સક્રિય રહી સભા, ઉત્સવોમાં



મોખરે રહેતા. સત્સંગ એ જ એમનું જીવન હતું. તેઓને સત્શાસ્ત્રમાં રસ હોવાથી તેમની પાસે દિવ્ય પ્રસંગો અને સ્મૃતિનો ખજાનો હતો. જેનો લાભ અઠવાડિક સભામાં અને સંબંધમાં આવનારને આપતાં. શ્રીજીમહારાજથી માંડીને પ્રત્યક્ષ સ્વરૂપોના પ્રસંગો સભામાં કહી સત્સંગનો મહિમા ને સ્વરૂપોના કાર્યનું દર્શન કરાવતા. આ કારણથી પૂ.મંદાબેનને ભાઈઓની સભા બાબતે નિશ્ચિંતતા રહેતી કે રાજુભાઈ, વિજયભાઈ છે ને!... આમ તેમનું જીવન પ્રભુમય હતું.

થોડા દિવસ પહેલા જ તેઓએ રાજેશ્રીબેનને વાત કરેલી કે, પપ્પાજીમહારાજ મને તેડવા આવવાના છે. તો જ્યોતની રીત પ્રમાણે મારી અંતિમ વિધિ કરજો. પૂ.તરૂબેન, પૂ.મંદાબેનને આગળ રાખીને બધું કરજો. શ્રીજીમહારાજના વખતના આવા પ્રસંગો શાસ્ત્રોમાં વાંચીએ છીએ તેવું આ વર્તમાનકાળે અનુભવ્યું કે પ્રભુ પોતાના ભક્તને અંતકાળે દર્શન દઈને તેડવા આવે છે. કેવો

બળિયો આત્મા હશે કે આ સંદેશની ઘરમાં વાત કરી ને શું કરવાનું તે પણ જણાવે છે ! આ અક્ષરધામની સમાધિ જ ને ! વંદન છે રાજુભાઈની ભક્તિને.

તેમના દીકરા પૂ.પ્રેરિતભાઈ કુટુંબેસહિત ઓસ્ટ્રેલિયામાં તથા તેમની દીકરી પૂ.જયશ્રીબેન યુ.કે.માં રહી સત્સંગપ્રધાન જીવન જીવી રહ્યાં છે. તેમના બે બહેનો પૂ.લક્ષ્મીબેન અને પૂ.સરોજબેન ચેલાણી ગુણાતીત જ્યોતમાં ભગવાન ભજી રહ્યાં છે ને પ્રભુનું કાર્ય કરી રહ્યાં છે. પૂ.રાજુભાઈના સર્વે કુટુંબીજનોને તેમની આ ખોટ લાગશે જ. તેમાં સર્વેને ખૂબ બળ મળી જાય તેવી સ્વામિશ્રીજી તથા ગુરુહરિ પપ્પાજીમહારાજના ચરણોમાં પ્રાર્થના.

**★ બોરીવલી મંડળના પૂ.પ્રવીણાબેન અરવિંદભાઈ દવે તા.૧૧.૯.૨૦૨૫ના અક્ષરનિવાસી થયાં છે.**

બોરીવલીના નિષ્ઠાવાન અને સમર્પિત પૂ.વસુધાબેન અને પ્રતાપભાઈ દવેના પુત્ર પૂ.અરવિંદભાઈ સાથે લગ્ન થતા



પ્રવીણાબેનને સત્સંગનો જોગ થયો. પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ.સવિબેન અને પૂ.વિમળાબેનની આજ્ઞામાં રહી ગુરુહરિ પપ્પાજીમહારાજની નિષ્ઠા દ્રઢ કરી. સત્સંગની પ્રવૃત્તિમાં ભાગ લેતાં. પ્રસંગે ભજનનો સહારો લઈ પાર ઉતરતાં. પ્રભુ જે કરે છે તે હિતકારી છે તેવું માનીને જીવ્યા. એમની બંને દીકરીઓ પૂ.દિશાબેન અને પૂ.પ્રેરણાબેનને પણ સત્સંગનો વારસો આપ્યો ને તેઓ પણ આ જ રાહે ચાલી રહ્યાં છે. એવાં પ્રવીણાબેનને અંતરથી અંજલિ અર્પણ કરીએ છે.

## નિર્ણય

★ પ.પૂ.મમ્મીજીનો પ્રાગટ્યદિન :
રવિવાર, તા.૨૮.૯.૨૦૨૫

★ દશેરા, વિજ્યા દશમી :
આસો સુદ – ૧૦, ગુરુવાર, તા.૨.૧૦.૨૦૨૫

★ એકાદશી :
આસો સુદ–૧૧, શુક્રવાર, તા.૩.૧૦.૨૦૨૫

★ અ.મૂ.અ.મૂ. ગુણાતીતાનંદસ્વામીજીનો પ્રાગટ્યદિન, શરદપૂર્ણિમા :
આસો સુદ –૧૫, સોમવાર, તા.૬.૧૦.૨૦૨૫

★ એકાદશી – વાઘબારશ :
આસો વદ–૧૧, શુક્રવાર, તા.૧૭.૧૦.૨૦૨૫

★ ધનતેરશ :
આસો વદ – ૧૩, શનિવાર, તા.૧૮.૧૦.૨૦૨૫

★ અક્ષરચૌદશ :
આસો વદ – ૧૪, રવિવાર, તા.૧૯.૧૦.૨૦૨૫

★ દિવાળી :
આસો વદ – ૧૫, સોમવાર, તા.૨૦.૧૦.૨૦૨૫

★ નૂતનવર્ષ વિ.સં.૨૦૮૨ :
કારતક સુદ – ૧, બુધવાર, તા.૨૨.૧૦.૨૦૨૫

★ ભાઈબીજ :
કારતક સુદ – ૨, ગુરુવાર, તા.૨૩.૧૦.૨૦૨૫

## હાર્દિક નિમંત્રણ
## દીપોત્સવીના કાર્યક્રમો

**ધનતેરશ : (સ્થાનિક)**
તા.૧૮.૧૦.૨૦૨૫, શનિવાર
ધનપૂજાનો સમય : સવારે ૯:૩૦ થી ૧૨:૦૦

**અક્ષરચૌદશ :**
તા.૧૯.૧૦.૨૦૨૫, રવિવાર

**દિવાળી :**
તા.૨૦.૧૦.૨૦૨૫, સોમવાર
શારદાપૂજન : સાંજે ૪:૩૦ થી ૭:૦૦

**નૂતનવર્ષ :**
તા.૨૨.૧૦.૨૦૨૫, બુધવાર
કારતક સુદ – ૧, સંવત ૨૦૮૨ પ્રારંભ

★ નૂતનવર્ષ અને ભાઈબીજની મિલનસભા :
સવારે ૮:૦૦ થી ૧૦:૦૦

★ અન્નકૂટ ઉત્સવ :
અન્નકૂટ, થાળ, આરતી :
સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦
મહાપ્રસાદ બાદ વિસર્જન

**લાભપાંચમ :**
તા.૨૬.૧૦.૨૦૨૫, રવિવાર

**શારદાપૂજન અને નૂતનવર્ષની સભાનું લાઈવ દર્શન www.gunatitjyot.org વેબસાઈટ પર થઈ શકશે.**

## તા.30.૮.૨૦૨૫ : પ.પૂ.બેનના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી...















ભાવવંદના...







તેજસ્વી તારલાઓનું અભિવાદન...





માહાત્મ્ય વંદના...














Blood Donation Camp, Vallabh Vidyanagar






## તા.૩૧.૮.૨૦૨૫ : ગુરુહરિ પપ્પાજીમહારાજના ૧૦૯મા પ્રાગટ્યપર્વની ઉજવણી...







સંવાદનાટિકા 'ગુણાતીત ધ્વજની ગરિમા'ની સ્મૃતિ પળો...



















વ્રતધારી સંતો - ભાઈઓ તરફથી ભાવાર્પણ અને માહાત્મ્યદર્શન...











ગૃહસ્થ સમાજ તરફથી ભાવાર્પણ
અને માહાત્મ્ય દર્શન...







ગૃહસ્થ સમાજ અને સંત બહેનો તરફથી ભાવાર્પણ, માહાત્મ્ય દર્શન, અનાવરણ...













સંવાદનાટિકા 'ગુણાતીત ધ્વજની ગરિમા'નું કલાકાર વૃંદ...










તા.૧.૯.૨૦૨૫ : ગુરુહરિ પપ્પાજીમહારાજના ૧૦૯મા પ્રાગટ્યદિનની સભા અને કીર્તન આરાધના...













To,

**RNI NEW DELHI NO : 20485/71**
**PO REGD NO : G-AND-336/2025-27**
**Lic Valid Upto: 31.12.2027**
**DATE OF PUBLICATION :**
**21st of every month**
**DATE OF POSTING :**
**21st of every month**
**PLACE OF PUBLICATION (POSTED AT)**
**Vallabh Vidyanagar MDG 388120**




પ્રભુકૃપા તીર્થધામે 'સંજીવની મંત્ર'નું અનાવરણ અને અન્નકૂટ ઉત્સવ...




તા.૧૧.૮.૨૦૨૫ : નરોડા ગુણાતીત જ્યોતની રજત જયંતીની ઉજવણી...










Editor, Proprietor, Publisher : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Gujarat, India
Phone : 9998475765, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@guntitjyot.org
Printer & Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India